Reg. No. B. 876

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું.

# બુદ્ધિપ્રભા.

( htgLi of Reason. )

વર્ષ ૩ જુ. સને ૧૯૧૨. ફેબ્રુઆરી. અંક ૧૧ મો.

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥
नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્ત્તા,

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ તરફથી,

સુપ્રીન્ટેન્ડન્ટ શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.

નાગોરીસરાહ–અમદાવાદ.

વાર્ષિક લવાજમ–પોસ્ટેજ સાથે રૂ. ૧–૪–૦. સ્થાનિક ૧–૦–૦

અમદાવાદ શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| સ્વકાર્ય સેવા. ... ... | ૩૨૧ | ગૃહસ્થાશ્રમ શાથી ઉત્તમ શોભી શકે? | ૩૭ |
| બોલેલી વાણી. ... ... | ૩૨૨ | આવશ્યક બોલો.... ... | ૩૪૩ |
| અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા | ૩૨૩ | દુધપાકમાં કોલસો નાંખવો એ શું વહેમ છે? ... ... | ૩૪૫ |
| કર્તવ્યશીલ જીવન. ... | ૩૨૯ | જીવદયા પ્રકરણ. ... | ૩૪૭ |
| સદ્બોધ સુચક પ્રસ્તાવિક દોહરા. | ૩૩૧ | સુરત ઘોડાદોડ પાંજરાપોળ... | ૩૫૩ |
| સ્વપ્ન સૃષ્ટિની સત્તા. ... | ૩૩૬ | | |



# હવે માત્ર જુજ નકલોજ શીલક છે માટે વ્હેલો તે પહેલો.

# મલયાસુંદરી.

( રચનાર. પંન્યાસ કેસરવિજયજી. )

કૃત્રીમ નૉવેલોને ભુલાવનાર, તત્વ જ્ઞાનને સમજાવનાર, કર્મની વિચીત્ર ગતીનો અપૂર્વ નમુનો એવો આ ગ્રંથ હોવાથી તેની ૧૮૦૦ નકલો જુજ વખતમાં ખપી ગઈ છે. કીંમત માત્ર રૂ. ૦-૧૦-૦.

બુદ્ધિપ્રભાના ગ્રાહકો માટે કીં. રૂ. ૦-૬-૦ રાખવામાં આવી છે પણ જે ગ્રાહકનું લવાજમ વસુલ આવ્યું હોય તેનેજ તે કીંમતે મળે છે.

બુદ્ધિપ્રભાના ગ્રાહક થનારને આવી રીતે કેટલાક બીજા લાભ પણ અપાય છે માટે તેના ગ્રાહક ના હોવ તો જરૂર થાઓ કારણ કે તેથી બોર્ડીંગને સહાય કરવાનું પુણ્ય હાંસીલ થાય છે અને સદ્જ્ઞાનનું વાંચન મળે છે.

લખો.—જૈન બોર્ડીંગ—અમદાવાદ.

ઠે. નાગોરીશરાહ.

# બુદ્ધિપ્રભા.

( The Light of Reason )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૩ જું. તા. ૧૫ મી ફેબ્રુઆરી સન ૧૯૧૧ અંક ૧૧ મો.

## " स्वकार्य सेवा "

" કવ્વાલિ "

અમારા શિરપર આવ્યાં, થવાનાં જે અમારા હાથ.
અધિકારે કરીશું તે–સકલ પરમાર્થનાં કાર્યો. ૧
કર્યાવિણુ છૂટકો નહિ લેશ, કર્યાથી હાનિ પણુ નહિ લેશ.
સ્વપરને લાભ જેમાં બહુ, ભલાં આવશ્યક કાર્યો. ૨
વિચારો બીજ કાર્યોના, વિચારોથી બને છે કાર્ય;
વિચારોના અનુસારે, સદા શુભ કાર્ય કરવાનાં. ૩
વિચારો શુભ જે કીધા, કદી નહિ જાય નિષ્ફલ તે;
વિચારો ઉચ્ચ વેગેથી, કરીને કાર્ય સાધીશું. ૪
રચાતું ચિત્તમાં કાર્યજ, પ્રથમતો સૂક્ષ્મરૂપે તે;
બહિર સામગ્રીના યોગે, બહિરમાં દૃશ્ય થાતું તે. ૫
વિચારો એક બાબતપર, વહાવી બહુ વખત સુધી;
કરીને સ્થિર દૃઢ નિશ્ચય, કરીશું કાર્ય ધારેલું. ૬

અધુરૂ કાર્ય આ ભવમાં, રહે જે યોગશુદ્ધિનું;
કરીશું પૂર્ણ ભવમાં, પરિપૂર્ણ જ થસે સિદ્ધિ. ૭
અમારો યોગ સાધીશું, પ્રતિક્ષણ વૃદ્ધિ છે તેની;
"બુદ્ધચબ્ધિ" પ્રેમ લાવીને, રસિકતા ધર્મમાં ધરશું. ૮

**સ્વગત. ૐ શાન્તિ.**

**અમલસાડ.**

---

# બોલેલીવાણી.

( કવ્વાલિ )

અવિચારે બની ક્રોધી, હૃદયમાં માર મારેલો;
મલંપટ્ટા કરો તોપણ, વચનના ઘા નહીં રૂઝે. ૧
ખરેખર ક્રોધના ઝેરે, વચનનાં બાણ રંગેલાં;
હૃદયને વિંધતાં ભારી, શમાવ્યાં પણ શમે નહિ તે. ૨
બનીને સર્પ સમજિહ્વા, જનોને ડંખતી ક્રોધે.
જનોના પ્રાણને હરતી, થએલી મસ્ત બેભાની, ૩
વદાયું નહીં જતું પાછું, જનોના ચિત્તમાં પેસે;
સ્વકીયબીજ સંસ્કારો, ઉગીને વિષફળ આપે. ૪
વચનનું બાણ ફેંકેલું, કદી પાછું નથી વળતું;
હૃદયનું લક્ષ્ય વિંધે છે, પછી પસ્તાય વદનારો. ૫
વચનનાં બાણ ઝેરીલાં, જગતમાં દુઃખ ફેલાવે;
વદાઇ મર્મની વાણી, પ્રતિકુલને જણાવે છે. ૬
નિયમ આઘાત પ્રત્યાઘાત, વદેલા શબ્દમાં રહેતો;
વસે હાંસી વિષે ફાંસી, સુવાણીમાં વસે અમૃત. ૭
ભલા છે સન્ત ગારૂડી, ચઢેલા ઝેરને હરતા;
"બુદ્ધચબ્ધિ" વાક્સમિતિથી, બને જિહ્વા સદા સુખકર. ૮

**ૐ શાન્તિઃ**

---

# " अध्यात्म ज्ञाननी आवश्यकता "

અધ્યાત્મશાસ્ત્રો આત્મિક ધર્મના માર્ગને દેખાડે છે અને આત્મામાં પ્રેમ ઉત્પન્ન થાય તેવો બોધ આપે છે. અધ્યાત્મશાસ્ત્રોની ઉપયોગિતા સંબંધી જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. અધ્યાત્મશાસ્ત્રોનો અભ્યાસ કરીને દુનિયાના લોકો મોહનો નાશ કરવા પ્રયત્નશીલ બને છે. અધ્યાત્મશાસ્ત્રો ખરેખર આત્માના ધર્મની દિશા દર્શાવવાને સમર્થ બને છે અને મનુષ્યોની પરભાવ દૃષ્ટિનો પરાભવ કરવા સમર્થ બને છે. શ્રીમન્ મુનિ સુંદરસૂરિ મહારાજાએ અધ્યાત્મ કલ્પદ્રુમ નામનો ગ્રન્થ રચીને ભારતભૂમિના મનુષ્યો પર મહાન્ ઉપકાર કર્યો છે. અધ્યાત્મ કલ્પદ્રુમ વાંચીને હજારો મનુષ્યો પોતાના વર્તનમાં સુધારો કરે છે અને પોતાના આત્માના સદ્ગુણો ખીલવવાને માટે કાલાનુસારે ભાગ્યશાળી બને છે. એક ગ્રન્થ પોતાની હયાતી પર્યન્ત વાંચકોને પોતાનામાં રહેલા વિચારોને આપવા સમર્થ થાય છે. દુનિયાના બાહ્ય પદાર્થોમાં સુખ નથી. ખરૂં સુખ તો આત્મામાં છે એવું, દેવ દુંદુભિ વગાડીને કહેનાર અધ્યાત્મશાસ્ત્ર છે. અધ્યાત્મના ગ્રન્થો બનાવનારા જગત્માં દિવ્ય કલ્પવૃક્ષો વાવે છે અને તેનાં ફળ વર્તમાન કાળની પ્રજા કરતાં ભવિષ્યકાળની પ્રજા વિશેષતઃ આસ્વાદે છે. વર્તમાન કાળમાં રચાયલા ગ્રન્થોની મહત્તાને ભવિષ્ય કાળના મનુષ્યો જાણી શકે છે. વક્તા મનુષ્ય વર્તમાન કાળમાં દુનિયા ઉપર અસર કરી શકે છે અને ગ્રન્થો તો ભવિષ્ય કાળમાં વિશેષ પ્રકારે દુનિયા ઉપર અસર કરવા શક્તિમાન્ થાય છે. કોઇપણ પ્રકારનું જ્ઞાન, દુનિયામાં નકામું નથી ત્યારે અધ્યાત્મ જ્ઞાનતો દુનિયામાં નકામું હોયજ નહિ એમાં શું કહેવું. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય ભાર દેઇને કહે છે કે સર્વ પ્રકારના જ્ઞાનમાં અધ્યાત્મજ્ઞાન શ્રેષ્ઠ છે. મદોન્મત્ત હાથી જેમ અંકુશથી વશ થાય છે તેમ ચંચળ એવું મન પણ અધ્યાત્મ જ્ઞાનથી વશ થાય છે, મનરૂપ પારાને મારવા માટે અધ્યાત્મ જ્ઞાનરૂપ ઔષધી સમાન અન્ય કોઇ ઔષધી નથી. પાંચ ઇન્દ્રિયો પોતાની સ્વેચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરે છે પણ તેઓના ઉપર કાબુ મેળવનાર અધ્યાત્મજ્ઞાન છે. મનરૂપ માંકડું કદી ઠરીને ઠેકાણે બેસી શકતું નથી તોપણ તેને અધ્યાત્મ જ્ઞાનની સાંકળથી આત્મારૂપ ઘરમાં બાંધી શકાય છે. આત્મસૃષ્ટિમાં પ્રવેશ કરવાની ઇચ્છાવાળાએ અવશ્ય અધ્યાત્મ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. જેનું આત્મા ઉપર લક્ષ્ય નથી તે મોહને જીતવાને સમર્થ થતો નથી. મનને વશ કરવાના જે જે ઉપાયો છે તે તે ઉપાયોને કથનારા શાસ્ત્રોને અધ્યાત્મ

શાસ્ત્રો કહે છે. અન્ય શાસ્ત્રોમાં તો સામાન્ય બુદ્ધિમાનો પણ પ્રવેશ કરે છે પણ સૂક્ષ્મ બુદ્ધિ વિના અધ્યાત્મશાસ્ત્રમાં તો પ્રવેશ થઈ શકતો નથી. વેદ ધર્મવાળાઓ ઉપનિષદો અને ભગવદ્ ગીતાને અધ્યાત્મશાસ્ત્ર તરીકે કથે છે: તેઓ અધ્યાત્મ શાસ્ત્રોપર અત્યન્ત પ્રેમ ધારણ કરે છે. જૈનશાસ્ત્રોમાં સમ્યક્-પણે અધ્યાત્મ તત્ત્વનું વિવેચન કરવામાં આવ્યું છે. અધ્યાત્મશાસ્ત્રો વાંચ્યાં એટલે તુર્ત અધ્યાત્મશાસ્ત્રો પ્રમાણે આચારો થઈ જાય એમ માનવું ભૂલ ભરેલું છે. જ્ઞાન અને આચારો પ્રાય: એકદમ સાથે ઉત્પન્ન થતા નથી. પ્રથમ તો વિચારો ઉત્પન્ન થાય છે. વિચારો જેવી જાતના હોય છે તેવા પ્રકારના આચારોને ઉત્પન્ન કરવા તે સમર્થ બને છે. વિચારો એ આચારોનું કારણ છે. વિચારો વિદ્યુત્ શક્તિના કરતાં પણ અત્યંત બળવાન્ છે. વિચારો ગમે તે પ્રકારના મગજમાં ઉત્પન્ન થઈને પોતાના સંસ્કારો પાડે છે અને તે પોતાના જેવા અન્ય વિચારો મગજમાં ઉત્પન્ન કરવાને માટે સમર્થ બને છે, માટે મનુષ્યોએ વિવેક કર્યા વિના ગમે તે પ્રકારના વિચારો કર્યા કરવા નહિ. શુભ વિચારો શુભ આચારને ઉત્પન્ન કરવા સમર્થ બને છે અને અશુભ વિચારો અશુભ આચારોને ઉત્પન્ન કરવા સમર્થ બને છે. જેણે પોતાના આચારોને સુધારવા હોય તેણે માનસિક વિચારશુદ્ધિ પ્રતિપાદક અધ્યાત્મશાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઈએ. આચારોના મુખ્ય ઉદ્દેશોનું રહસ્ય સમજાવનાર અધ્યાત્મ શાસ્ત્રો છે. સુવિચારોથી સુઆચારોની પ્રણાલીકાઓ ઉત્પન્ન કરી શકાય છે. શ્રીમદ્ મહાવીર પ્રભુએ કેવલ જ્ઞાનના બળવડે સાધુ અને શ્રાવક વર્ગયોગ્ય ભિન્ન ભિન્ન આચારોને પ્રતિપાદન કર્યાં હતા. પ્રથમ કોઈપણ કાર્ય કરવું હોય છે તો તત્ સંબંધી પ્રથમ વિચાર કરવો પડે છે. પશ્ચાત્ આચારોને આદરવા પડે છે. જે જે આચારો મનુષ્યોના વર્તમાન કાલમાં દેખાય છે તે વિચારોનું ફળ છે એમ અધ્યાત્મ શાસ્ત્રોથી વિચારકોને જણાયા વિના રહેશે નહિ. કોઈપણ મનુષ્યનો અશુભ આચાર ફેરવવો હોય છે તો શુભ વિચાર તેના હૃદયમાં ઉત્પન્ન કરાવ્યા વિના ફરતો નથી. આચારોના નવા નવા ભેદોને ઉપજાવનાર વિચારો છે. કોઈપણ ઠેકાણે જવા માટે મનુષ્ય પગલું ભરે છે તે પહેલાં તેને વિચાર કરવો પડે છે. શ્રાવકના આચારો અને સાધુના આચારો ઉત્પન્ન થવાની પૂર્વે વિચારોની હયાતી અવશ્ય હોય છે. વિચારો પણ ગોઠવ્યા વિના અમુક પ્રકારના કાર્યને સિદ્ધ કરવા સમર્થ થતા નથી. શરીર અને ઇન્દ્રિયો વિના આચારોને આદરી શકાતા નથી તેમ આત્માવિના વિચારો અર્થાત્ જ્ઞાન ઉત્પન્ન થતું નથી. અધ્યાત્મજ્ઞાનથી આ સઘળું સમજાય છે અને આત્માના સદ્ગુણો પ્રામ

કરવા સંબંધી લક્ષ્ય ખેંચાય છે. આત્મજ્ઞાનથી સારમાં સાર સુખ પ્રાપ્ત કરવા વિવેક થાય છે.

અધ્યાત્મજ્ઞાનથી પોતાનો, પરનો વિવેક થવાથી મોહવનમાં પરિભ્રમણ કરવાની પ્રવૃત્તિનો નાશ કરવા પ્રતિ પ્રવૃત્તિ થાય છે. ઇલાચી કુમારને વાંસ ઉપર નાચતાં નાચતાં કેવલ જ્ઞાન ઉત્પન્ન કરાવનાર વસ્તુતઃ વિચારીએ તો અધ્યાત્મજ્ઞાનજ સિદ્ધ કરે છે. હૃદયમાં ધર્મના અપૂર્વ પ્રેમને ઉત્પન્ન કરનાર અધ્યાત્મ જ્ઞાન છે. ગજ સુકુમાલ મુનિવરને સમતા ભાવમાં ઝીલાવનાર આન્તરિક વિચારરૂપ અધ્યાત્મજ્ઞાનજ હતું. સ્કંધ મુનિવરોના શિષ્યોને સમ ભાવમાં લક્ષ્યબદ્ધ કરીને શરીરનું ભાન ભૂલાવી મુક્ત કરનાર અધ્યાત્મજ્ઞાન હતું. પ્રસન્ન ચંદ્રરાજર્ષિને શૂલપર સમભાવ કરાવીને કેવલ જ્ઞાન અર્પનાર ભાવનામય અધ્યાત્મજ્ઞાન હતું. જે જે મુનિવરો અધ્યાત્મજ્ઞાનની ઉપાસના કરે છે તેઓ બાહ્યની દુનિયાને સ્વપ્નસમાન ક્ષણિક માનીને આન્તરિક જ્ઞાનાદિ લક્ષ્મીને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. કોઇપણ મનુષ્ય અધ્યાત્મ જ્ઞાનવિના મોક્ષ માર્ગમાં ચાલી શકનાર નથી. શ્વાસોશ્વાસને અને પ્રાણને જેમ નિકટનો સંબંધ છે તેમ આનન્દ અને અધ્યાત્મ જ્ઞાનને પણ નીકટનો સંબંધ છે. જલ વિના જેમ વૃક્ષના સર્વ અવયવોનું પોષણ થતું નથી તેમ અધ્યાત્મ જ્ઞાનવિના આત્માના સર્વ ગુણોનું પોષણ થતું નથી. સૂર્યનાં કિરણો અપવિત્ર વસ્તુઓને જેમ પવિત્ર કરવા સમર્થ થાય છે તેમ અધ્યાત્મ જ્ઞાન પણ અપવિત્ર આત્માને પવિત્ર કરવા સમર્થ થાય છે. અધ્યાત્મ જ્ઞાનથી જન્મ–જરા અને મરણ પણ હીસાબમાં ગણાતું નથી. ગમે તેવાં વાદળાંને ભેદીને સૂર્યનાં કિરણો પૃથ્વી ઉપર પ્રકાશ નાખવા સમર્થ થાય છે તેમ ગમે તેવાં આશાઓનાં બંધનોને છેદવાને માટે અધ્યાત્મજ્ઞાન સમર્થ થાય છે અધ્યાત્મજ્ઞાનરસની ખુમારીથી જેઓનાં હૃદય આનન્દી બન્યાં છે તેઓને અન્ય જડ પદાર્થો દ્વારા સુખ મેળવવાની રૂચિ રહેતી નથી. પ્રત્યેક મનુષ્યો સુખ મેળવવાને માટે પ્રયત્ન કરે છે. ખરૂં સુખ મેળવવાને માટે હૃદયની સ્વાભાવિક પ્રેરણા થાય છે. મનુષ્યોને ખરા સુખનું જ્ઞાન થાય તો ક્ષણિક સુખની પ્રાપ્તિ માટે અનેક પ્રકારના પ્રપંચો કરે નહિ અને આત્મિક સુખ મેળવવાને માટે પ્રયત્ન કરી શકે.

અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા વાળાઓએ ધાર્મિક વ્યવહાર આચારોને છોડી ન દેવા જોઇએ. અધ્યાત્મજ્ઞાન તો પોતાની દિશા જણાવે છે પણ તે ધર્મ ક્રિયાનો અનાદર સૂચવતું નથી. જેઓ ગુરૂ પરંપરાથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે તેઓને ધર્મ ક્રિયાઓ કરવામાં સ્થિરતાના યોગે વિશેષ

પ્રકારે રસ પડે છે. અધ્યાત્મજ્ઞાનના અભ્યાસીઓના આચારો ઉત્તમ થાય છે અને તેઓનો આત્મા પ્રતિદિન મોક્ષમાર્ગપ્રતિ ગમન કરે છે. અધ્યાત્મમત પરીક્ષા ગ્રન્થમાં શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે શુષ્કઅધ્યાત્મીઓ કે જે સાધુઓના પ્રતિપક્ષી બને છે અને વ્રતોમાં ધર્મ માનતા નથી તેઓને સારીરીતે ઉપદેશ આપ્યો છે.-અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ કરનારાઓને અધ્યાત્મજ્ઞાનમાં રસ પડે છે તેથી તેઓ અધ્યાત્મજ્ઞાનનું વર્ણન કરે એ બનવા યોગ્ય છે, પણ જિજ્ઞાસુઓએ સમજવું જોઈએ કે ધર્મક્રિયાના વ્યવહારનો નિષેધ થાય એવો ઉપદેશ કદી ન કરવો જોઇએ. એક દીવસમાં કોઈપણ જ્ઞાનીની એક સરખી પરિણતિ રહેતી નથી. અધ્યાત્મજ્ઞાનીઓની પણ એકસરખી પરિણતિ રહેતી નથી. ઉચ્ચ પરિણામની ધારામાંથી પડતાં છતાં વ્યવહારમાર્ગ શરણભૂત થાય છે. વ્યવહારધર્મ માન્યાવિના નિશ્ચયધર્મની સિદ્ધિ પણ થતી નથી. વ્યવહાર ધર્મના અનેક ભેદ છે તેથી અધિકારી ભેદે સર્વના ભેદનું જ્ઞાન કરવું જોઇએ. વ્યવહાર કારણ છે અને નિશ્ચય કાર્ય છે. અધ્યાત્મજ્ઞાનથી જેઓએ તત્ત્વોનાં સૂક્ષ્મ રહસ્યો જાણ્યાં છે તેઓ, તીર્થંકર, ગણધર આદિ પ્રતિપાદિત આવશ્યકાદિ ધર્માચારોનું ઉત્તમ રહસ્ય જાણી શકે છે અને તેથી તે પ્રમાણે તેઓ પ્રવૃત્તિ કરી શકે છે. જૈન શાસ્ત્રોનું ગુરૂપરંપરાએ જ્ઞાન પ્રાપ્ત કરીને જેઓએ આત્મતત્ત્વની વિચારણા કરી છે તેઓ નિમિત્ત કારણરૂપ વ્યવહારધર્મની કદીપણ ઉત્થાપના કરતા નથી. અધ્યાત્મજ્ઞાનમાં ખુબ રમણતા થતી હોય તોપણ વ્યવહારધર્મનો ઉચ્છેદ કરવો નહિ. કોઈ મનુષ્ય એમ. એ. ની કલાસમાં ગયો હોય તે પહેલી ચોપડી ભણવી નહિ એમ પહેલી ચોપડીના અધિકારીઓને કહી શકે નહિ. એમ, એ, ની પરીક્ષામાં પાસ થએલાને પહેલી ચોપડીની જરૂર નથી એતો ઠીક છે પણ તેથી પહેલી ચોપડી ભણનારાઓ તો ઘણા પાકવાના છે એમ જાણી કારણ કાર્ય ભાવની પરંપરાનો નાશ કરવા કદી ઉપદેશ દેવો નહિ એમ, અધ્યાત્મજ્ઞાનના અભ્યાસીઓને સુચના કરવામાં આવે છે. અનુભવીઓ અધ્યાત્મજ્ઞાનને કાચાપારા સમાન કહે છે, માટે ગુરૂગમથી અધ્યાત્મજ્ઞાનને પચાવીને હૃદયમાં ઉતારવું જોઇએ. કેટલીક વખત જેનામાં નીતિના ગુણોની યોગ્યતા ન હોય એવા મનુષ્યો અધ્યાત્મજ્ઞાનના પગથીએ ચઢે છે અને તેથી તેઓને ફાયદો થતો નથી. પહેલી ચોપડી ભણનારો બીજીમાં ન બેસતાં એકદમ છઠ્ઠા ધોરણમાં બેસે તો ઉભયથી ભ્રષ્ટ થાય તેમાં કંઇપણ આશ્ચર્ય નથી. અધ્યાત્મજ્ઞાનના અધિકારી થયા હોય તેઓને અધ્યાત્મજ્ઞાન શિખવવું જોઇએ. પહેલી ચોપડીના વિદ્યાર્થિયો એમ. એ. થએલાની મશ્કરી કરે અને કહે કે એમ. એ. ના કલાસનું

જ્ઞાન ખોટું છે, તેઓના એમ કહેવાથી એમ, એ નો કલાસ અને તેઓનું જ્ઞાન ખોટું ઠરતું નથી. તેમ વ્યવહાર માર્ગના પ્રથમ પગથીએજ જેઓ ચઢવાને લાયક થયા છે તેઓ અધ્યાત્મજ્ઞાનીઓના સૂક્ષ્મ બોધને સમજી શકે નહિ અને તેઓને ખોટા ઠેરવે તેથી કંઈ અધ્યાત્મજ્ઞાનના અભ્યાસકો ખોટા સિદ્ધ ઠરતા નથી.

સાર એટલો ખેંચવાનો છે કે, અધ્યાત્મજ્ઞાનના અભ્યાસીઓએ શુષ્ક પણું પ્રાપ્ત ન થાય અને અધ્યાત્મજ્ઞાન નિન્દાય નહીં એવો ઉપયોગ રાખવો જોઈએ. જ્ઞાનિયોના વ્યવહાર આચારોમાં અને મૂર્ખાઓના વ્યવહાર આચરણમાં ભિન્નતા પડે છે. જ્ઞાનીઓના સદાચારોનું બાળજીવોએ અનુકરણ કરવું જોઇએ. કેટલીક વખત એવું બને છે કે અધ્યાત્મ શાસ્ત્રજ્ઞાનનો કેટલોક અભ્યાસ કરીને બાળજીવો પોતાનું એક ટોળું અધ્યાત્મિના નામનું બાંધવા પ્રયત્ન કરે છે અને વ્યવહાર માર્ગના ભેદોની ઉત્થાપના થાય એવો ઉપદેશ દેછે તેથી તેઓ અધ્યાત્મજ્ઞાનીઓ ગણાતા છતાં ઉલટા અન્યોની સાથે લડીને અધ્યાત્મજ્ઞાન અને શુદ્ધ વ્યવહારથી પણ દૂર થઈ જાય છે.

અધ્યાત્મજ્ઞાનથી કદી ગચ્છ બાંધી શકાય નહિ. વ્યવહાર નયને અવલંબી ટોળું ભેગું કરતાં છતાં વ્યવહાર ધર્મ નયનું ખંડન કરવું એ વદતો વિઘાતજેવું છે. જૈનધર્મનાં બંધારણો, આચારો, ઉપદેશ અને ગુરૂ શિષ્યનો સંબંધ વંદન પૂજન ઇત્યાદિ સર્વની સિદ્ધિ ખરેખર વ્યવહારનય માન્યા વિનાથતી નથી. ગુરૂ શિષ્યનો સંબંધ, વંદન, પૂજન, યાત્રા, દર્શન, વાચન- આદિ વ્યવહાર ધર્મના આચારોને આચરતાં છતાં વ્યવહાર નયનું ખંડન કરીને નિશ્ચય ધર્મના વિચારોનું એકાન્તે પ્રતિપાદન કરવું, એવાત કદી બનવા યોગ્ય નથી–જે પોતાની માતાનું સ્તનપાન કરીને મોટો થયાબાદ એમ કથે છે કે માતાનું દુધ પીવું નહિ એવાત કેમ બને, ભલે તે પોતે દૂધ પીવાનો અધિકારી નથી પણ અન્ય બાળકોતો છે. બાળકોને જો દૂધ પીવાનું નિષેધીએ તો કેવું ખરાબ ગણાય તેમ વ્યવહાર ધર્મનાં અનેક પ્રકારનાં આચરણો આદરીને ઉત્તમ અધ્યાત્મજ્ઞાન માર્ગમાં પ્રવેશ કરી શકાય છે. અધ્યાત્મજ્ઞાનનો સ્વાદ લહીને પશ્ચાત્ અન્ય જીવોના અધિકાર યોગ્ય ધર્માચરણોનો નિષેધ કરવા મંડી જવું એ તો શાસ્ત્રથી શું પણ નીતિના માર્ગથી પણ વિરૂદ્ધ કૃત્ય છે એમ કથ્યા વિના ચાલે તેમ નથી. અધ્યાત્મજ્ઞાનના જિજ્ઞાસુઓએ નીતિઆદિ વ્યવહારનો પણ કદી ત્યાગ કરવો નહિ. શુષ્ક અધ્યાત્મજ્ઞાનની ધુનમાં ઉતરીને આત્મના કર્તવ્ય વિવેકથી કદી ભ્રષ્ટ થવું નહિ, તે ઉપર એક સામાન્ય દૃષ્ટા-

ન્ત કથવામાં આવે છે. એક સંન્યાસી અદ્વૈતવાદના જ્ઞાનની ધૂનમાં ખુબ ચઢી ગયો. એક ભક્તે તેને જમવાનું નોતરૂં કહયું. પેલા સંન્યાસીના પગ કાદવથી બગડેલા હતા. ગૃહસ્થ ભક્તે કહ્યું કે સંન્યાસી મહારાજ લોટો લેઇને તમારા પગ ધોઇદો. સંન્યાસીએ કહ્યું, જ્ઞાન ગંગામાં મારા પગ ધોઇ દીધા છે. ગૃહસ્થ સમજી ગયોકે સંન્યાસી બિલકુલ આચારથી દૂર થાય છે, તેણે સંન્યાસીને બોધ દેવાને માટે સંન્યાસીને અનેક પ્રકારનું મિષ્ટાન્ન જમાડયા બાદ ખુબ ભજીઆં ખવરાવ્યાં અને તેને એક કોટડીમાં સુવાડી બહારથી તાળું માર્યું. સંન્યાસી કેટલોક વખત થયો એટલે જાગ્રત થયો અને તેણે કમાડ ઉઘાડવા પ્રયત્ન કર્યો પણ કમાડ ઉગડયું નહિ. તે તૃષાથી તેનો જીવ ખુબ આકુલ થયો ત્યારે ગૃહસ્થે કહ્યું કે કેમ સંન્યાસી મહારાજ, બૂમ પાડો છો એ સંન્યાસીએ કહ્યું કે મારો જીવ જળવિના ચાલ્યો જાય છે. ગૃહસ્થે કહ્યું કે પેલી જ્ઞાન ગંગામાંથી જલ પી શાન્ત થાઓ. સન્યાસીએ કહ્યું એમ કેમ બને, ત્યારે ગૃહસ્થે કહ્યું કે કાદવ વગેરેને જ્યારે જ્ઞાન ગંગામાં ધોઇ નાખ્યો ત્યારે પાણી પણ તેમાંથી કેમ નથી પીતા ? ગૃહસ્થના આવા યુક્તિભર્યા ઉપદેશથી સંન્યાસીનું મન ઠેકાણે આવ્યું. આ દૃષ્ટાન્તનો સાર એટલો છે કે કદી શુષ્ક અધ્યાત્મ જ્ઞાની બનવું નહિ. તેમજ શુષ્ક ક્રિયાવાદી પણ બનવું નહિ. એટલું તો કથવું આવશ્યક છે કે ક્રિયાઓના જ્ઞાનનો ખપ કર્યા વિના કેટલાક મનુષ્યોએ ક્રિયા પ્રતિ પ્રવૃત્તિ કરી હોય છે પણ નીતિના સદ્‌ગુણો તેમજ ઉત્તમ આચારોની ખામીને લીધે તેઓની ક્રિયાઓ દેખીને કેટલાક સંદિગ્ધ મનુષ્યો ક્રિયા માર્ગના વ્યવહારથી પરાઙ્‌મુખ થાય છે. અધ્યાત્મ જ્ઞાન પ્રાપ્ત કરીને ધાર્મિક ક્રિયાઓનું રહસ્ય સમજતાં તે ક્રિયાઓની અધિકારી ભેદે ઉત્તમતા સંબંધી કંઇપણ શંકા રહેતી નથી. અધ્યાત્મજ્ઞાનથી સ્થૂળ અને સૂક્ષ્મ ભૂમિકામાં અર્થાત્ અન્તરમાં અને બહારમાં ઉત્તમ પ્રેમથી પ્રવૃત્તિ કરી શકાય છે. અધ્યાત્મજ્ઞાનમાં સર્વ પ્રકારની શ્રેષ્ટતા જાણીને જ્ઞાનીઓએ સર્વ જ્ઞાનીઓએ તેને પ્રથમ નંબરમાં ગણ્યું છે.

---

અન્ન તેવો ઓડકાર, બાળક જેવું દુધ પીએ છે તેવું તે થાય છે. કુલવાન સારાં કુટુંબોમાં કેટલીકવાર નીચ સંસ્કારોવાળાં છોકરાં પેદા થાય છે. તેમાં એક કારણ એ પણ જોવામાં આવે છે કે નાનપણમાં તે બાળકોને કોઇ હલકી જાતિની ભાડુતી ધાવનું ધાવણ ધાવવા મળેલું હોય છે.

---

# कर्तव्यशील जीवन.

( લેખક. ભોગીલાલ મગનલાલ શાહ. મુ. ગોધાવી. )

( અંક દશમાના પાને ૧૧૩ થી અનુસંધાન. )

મનુષ્યમાં ઉંચ, નીચ, બહાદુરી, બીકણુ, સુખી અને દુઃખી આદિના જે સ્થિતિભેદ દ્રષ્ટિગોચર થાય છે, તે ઘણેખરે અંશે ઉક્ત ગુણની હયાતિ વા તંગીને અવલંબીને છે. દ્રઢતાનો પ્રસ્તુત ગુણ મનુષ્યના વિકાસક્રમમાં એક સબળ સાધન મનાય છે. દ્રઢતા વિનાનો માણુસ એક ગબડતા ઢીંમચા જેવો છે. નિશ્ચયબળના અભાવે તે કોઇ પણ કાર્ય કરવામાં વિજયી થતો નથી. સ્વાશ્રયનો ગુણ તેનામાં ખીલી શકતો નથી. નજીવામાં નજીવી મુસ્કેલીથી તે પરાસ્ત થાય છે. તેનામાં હૃદયબળ ન હોવાથી, નિર્બળમાં નિર્બળ મનુષ્ય તેને ઇજા કરી શકે છે. તેનું હૃદય અનેક વહેમોનું નિવાસ સ્થાન બની રહે છે; અને વાસ્તવે મનુષ્ય જાતિના મુખ્ય ગુણો શૌર્ય, વીરત્વ, નિડરતા, હિમ્મત આદિનો તેનામાં વિકાસ પણ થતો નથી. કોઈ પણ નવો ઉદ્યોગ આરંભવામાં તેના ભય અને વહેમના લીધે તે નવી અને અણધારી મુસ્કેલીઓ કલ્પે છે, અને પોતાના સામર્થ્યમાં તેને અવિશ્વાસ રહે છે. આથી સાહસિકપણાનો ઉપયોગી ગુણ તેનામાં ઉદ્‌ભવતો નથી. જનહિતનું કે આત્મહિતનું કોઇ પણ મહત્ત્વનું કાર્ય તે કરી શકતો નથી.તેનું જીવન નિર્માલ્ય સ્વાર્થી અને પિંડપોષી બની રહે છે. તે અધોગતિને પાત્ર બને છે. તેનું જીવન શુષ્ક નિરસ અને નિરૂપયોગી હોવાથી કોઇને પણ તેનો સહવાસ આનંદનું કારણ થતો નથી.

કોઈ પણ નવો ઉદ્યોગ આરંભતા પહેલાં તેના યથાર્થ સ્વરૂપનો અનુભવ ન હોવાને લીધે તે જેમ ઉદ્યોગી મનુષ્યને દુષ્કર ભાસે અને પ્રારંભમાં તેનું સાહસ કરવાને તેનું હૃદય આનાકાની કરે, પરંતુ તેજ કાર્યને અનુકૂળ તેનું મન ટેવાતાં જેમ તેને સરળ લાગે તેમ ભીરૂ નિરૂદ્યમી અને સુસ્ત મનુષ્યને પોતાના સામર્થ્યના યોગ્ય જ્ઞાનના અભાવે તે તેના ભયંકર સ્વરૂપમાં દ્રષ્ટિએ પડે છે; અને તે કરવાનું સાહસ પણ તેને મૂર્ખાઇ ભરેલું જણાય છે. નિઃસત્ત્વ બનેલી તેની ક્રિયાશક્તિ તેને તેના અસામર્થ્યનોજ બોધ આપે છે. નાના વિધ મુસ્કેલીઓને તે કલ્પે છે. અનેક વહેમોને તે હૃદયમાં ધારણ કરે છે અને પરિણામે કોઈ પણ નવિન કાર્ય પ્રવૃત્તિમાં

જોડાવાની તેની સાહસિક વૃત્તિને નિર્મૂળ કરવા તેના મનનું વલણ માર્ગ લે છે.

**उद्यमं साहसं धैर्यं बुद्धि शक्ति पराक्रमः**
**षडेते यत्र वर्तन्ते तस्माद् देवोऽपि शंकते ॥१॥**

ઉદ્યમ, સાહસ, ધીરજ, બુદ્ધિબળ, સામર્થ્ય, અને પરાક્રમ એ ષડ્ગુણો જેનામાં હોય છે, તેનાથી દેવ પણ ડરે છે. ઉદ્યમી મનુષ્ય પણ પોતાના સંયોગો અને પરિસ્થિતિ સમજવાની કાર્ય દક્ષતા વિના કાર્ય સાધવામાં વીજયી થઇ શકતો નથી. યોગ્ય બુદ્ધિબળના અભાવે સંયોગોનું તોલન કરી વિહિત માર્ગની પસંદગી કરવામાં તે ભૂલ કરે છે, અને જેમ કોઇ અકુશળ સુકાની વહાણને ખરાબા સાથે અથડાવી અગર આડુંઅવળું હાંકી નિર્દિષ્ટસ્થાને પહોંચાડી શકતો નથી, તેમ તેને પણ પોતાના કાર્ય વહનના ઉચિત માર્ગનું જ્ઞાન ન હોવાને લીધે તે તેની સિદ્ધિમાં વિજયી થતો નથી. તે ખોટી બાજુનો ચિતાર હૃદય સમક્ષ રજુ કરે છે, અને સંયોગોના અવાસ્તવિક સ્વરૂપથી દોરાઈ કાર્ય સિદ્ધિના રસ્તે સરળતાથી પહોંચી શકતો નથી. જેમ વહાણને જે માર્ગે હંકારવામાં આવે તે માર્ગેજ તે પ્રયાણ કરે છે, તેમ જીવન પ્રવાહ પણ તેના માર્ગની પસંદગીને અવલંબીને રહેલો છે. જે દિશાએ તેને ગતિ આપવામાં આવે તે દિશા તે લે છે, અને સમય જતાં તે એવો તો એક નિયમાનુસારી (Automatic) થઇ રહે છે, કે તેને તેની ગરેડમાંથી અન્ય માર્ગે વાળવો મુશ્કેલ થઈ પડે છે. પ્રારંભથી મનુષ્યે પસંદ કરેલા કાર્યક્રમની મર્યાદાને અનુસરીને તેમાં તેની ઉન્નતિ વા અવનતિનો આધાર રહેલો છે. આ પ્રમાણે જો કે મનુષ્ય પોતાની પરિસ્થિતિની મર્યાદાપર વિજય મેળવી શકતો નથી, તો પણ ઉત્સાહબળને શક્તિના પ્રમાણમાં તે તેમાં ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. One needs must love the highest when he sees it, for he who aimeth at the sky, shoots higher much than he who aimeth at the tree.

અન્ય ધર્મના વેત્તા કહે છે કે મનુષ્યે આશય ઉચ્ચ રાખવો જોઇએ. જે મનુષ્ય ઉચ્ચાશયથી આકાશને તાકીને ઘા ફેંકે છે, તેનો ઘા વૃક્ષ કરતાં ઉંચો પહોંચે છે. દરેક કાર્ય પ્રવૃત્તિમાં તેનું શિરોબિંદુ—અંતિમ ઉચ્ચ સ્થાનજ આપણો લક્ષ્ય વિષય હોવું જોઇએ; છતાં કાર્યની પસંદગીમાં આત્મ-

સામર્થ્ય અને ઉત્સાહ બન્નેનું **સંમેલન** કરવાની અર્થાત્ બન્નેનું પ્રમાણ સચવાવાની જરૂર છે. પોતાના સામર્થ્યના ભાન વિનાનો મનુષ્ય માત્ર ઉત્સાહથી દોરાઇ ગજા ઉપરાંતનું સાહસ માથે લે તો તેને વિમાસણ કરવાનો પ્રસંગ આવે છે. આ પ્રમાણે જો કે ઉત્સાહરૂપી અશ્વને બુદ્ધિબળરૂપી લગામની જરૂર છે, છતાં ઉત્સાહ બળ કર્તવ્ય પ્રેરણામાં અગત્યનું સાધન છે. હૃદય શૂન્ય-લાગણી વિનાનો મનુષ્ય કોઇ કાર્ય કરવાનો યથેષ્ટ યત્ન કરી શકતો નથી. કર્તવ્ય બળ મનુષ્યની લાગણીને અનુસરે છે. જેમ કોઇ મનુષ્ય અમુક વિષયમાં વિશેષ સુખ વા દુઃખ, લાભ વા અલાભ સમજે છે, તેમ તેની સંકલ્પ શક્તિ ઉત્કટ રહે છે. ઘણા મનુષ્યોના સંબંધમાં એમ બનતું આપણી દૃષ્ટિએ પડે છે કે અમુક કાર્યક્રમમાં તેઓ સમાન સંયોગોમાં મૂકાએલા હોવા છતાં, અમુક ઉત્સાહિ મનુષ્ય વિશેષ વિજયી થઇ શકે છે. ઉત્સાહ-બળપર મનુષ્યની કાર્યસિદ્ધિની સમીપતા અને શ્રેષ્ટતાનો આધાર છે. કાર્ય પસંદગીની બુદ્ધિ જેમ મનુષ્યની ઉત્ક્રાન્તિમાં અગત્યનું સાધન છે, તેમ કાર્ય પ્રવાહનો ઉત્સાહ એ તેના પોષક ખોરાકરૂપ છે. ઉત્સાહ અને નિયમિક વ્યવહાર દક્ષતા એ કાર્યની સહિસલામતીની જામીનગીરી Safety value રૂપે છે, આ જીવનના કયા સ્વરૂપમાં અર્થાત્ વ્યાવહારિક કેવા કાર્યક્રમમાં મનુષ્યનો વિકાસ થવાનો છે તે તેની પસંદગીની શક્તિ અને પરિસ્થિતિ નિર્ણીત કરે છે. પસંદ કરેલા કાર્ય ક્રમમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવામાં ઉત્સાહ અને અનુભવિક બુદ્ધિનું સંમેલન માર્ગ સરળ કરે છે; અને કાર્ય દક્ષતા અને દ્રઢતા કાર્ય સિદ્ધિ સમીપ આણે છે.

---

# सद्‌बोध सूचक प्रस्ताविक दोहरा.

( લખનાર. શાહ. નારણજી અમરસી વઢવાણ શહેર. )

માન કહ્યું તું માનવી, સુકૃત કરી લે હાલ;
અટવાયો પ્રપંચમાં, કોણે દીઠી કાલ. ૧
ઠાઠ માઠ ઠાલો બધો, દીપક ઝાળ ઝમાળ;
અસ્ત થશે આવી બને, કોણે દીઠી કાલ. ૨
પંખી ટોળું ઝાડ પર, મળી બેઠું છે હાલ;
અચાનક ઉડી જશે, કોણે દીઠી કાલ. ૩

પુષ્પ સુગંધી પમરતી, અનુપમ ફુલની માળ;
નિશ્ચય નહીં જગતમાં, કોણે દીઠી કાલ. ૪
પુર ચડયું સરીતા વિષે, ક્ષણીક તેના હાલ;
વહી જશે ભવ સાગરે, કોણે દીઠી કાલ. ૫
જે જન્મ્યું તે જાય છે, સહુના એજ હવાલ;
ચેતી ચાલો પ્રાણિયા, કોણે દીઠી કાલ. ૬
સુકૃતના શા વાયદા, સુકૃત કરવું હાલ;
ગત અવસર આવે નહીં, કોણે દીઠી કાલ. ૭
એક દીન એવો ઉગશે, તજવો પડશે માલ;
મોટે પંથે માલશો, કોણે દીઠી કાલ. ૮
પ્રેમ ધરી પ્રભુને ભજો, છોડી દઇ જંજાળ;
નારણજી નેહે કહે, કોણે દીઠી કાલ. ૯
આ સંસાર અસાર છે, દીલ કરીલે ખ્યાલ;
સમજ સર્વે ચાલ્યાં જશે, કોઈ આજકો કાલ. ૧૦
તન ધન યૌવન કારમું, જૂઠી જગ જંજાળ;
મૂકીને સહુ ચાલશે, કોઇ આજ કો કાલ. ૧૧
ગર્વ ધરીને ગાજતા, દેતા ગગને ફાળ;
તે સર્વે ચાલ્યા જશે, કોઈ આજ કો કાલ. ૧૨
ચક્રવતિ નિર્ધન ધની, વૃદ્ધ યુવાને બાળ;
નિશ્ચે સહુ ચાલ્યા જશે, કોઇ આજકો કાલ. ૧૩
સર્વ ભક્ષી જબરો ખરો, નામ જેહનું કાળ;
ભક્ષ થશે તેના સહુ, કોઇ આજ કો કાલ. ૧૪
રૂપરંગ ગૃહ ગ્રામનો, નામ ઠામને માલ;
કાળ ક્રમે સંહાર છે, કોઈ આજ કો કાલ. ૧૫
જાતાં સહુને જોઇને, કાંઇક કરવું ખ્યાલ,
હું તું એ રીતે જશું, કોઇ આજકો કાલ. ૧૬
મારૂં કહી મથતો ફરે, રાખી આળ પંપાળ;
**નારણજી** નિશ્ચે કહે, કોઇ આજકો કાલ. ૧૭

# स्वप्नसृष्टिनी सत्ता.

## ( કલ્પિત. )

### लेखक—सं-केशवलाल नागजी ( निवास-सानन्द. )

વૃદ્ધાવસ્થામાં એક ચોમાસાની રાત્રિએ ધનશેઠ પોતાના શયનગૃહમાં નિદ્રાવસ્થામાં પ્રવર્ત્યાં હતા. હૃદયમાં નિશ્ચિંતતા હતી અને તેનો કંઇક આભાસ મુખઉપર નિરીક્ષણ થતો હતો. આવી રીતે શાંતિ પ્રસરી છે પણ તે ઝાઝીવાર ટકી નહિ. એકદમ હૃદય ઝબક્યું અને તેનો ધક્કો મુખ અને નેત્રને પણ લાગ્યો—કર્ણ પણ સાવધ થયા. વાંચનાર ! શું થયું ? આકાશમાં એક વિદ્યુતનો ચમકારો થયો અને તેજ ક્ષણે—જબરો કડાકો થયો, જેના અવાજે અંતર્ગતપણે કર્ણ—નલિકામાંથી હૃદયમાં પ્રવેશ કર્યો અને તેજ પળે હૃદયમાંની નિદ્રા-દેવીનો પરાજય કરીને વિચાર—પરંપરાએ ત્યાં—આગળ પોતાનું સ્વતંત્ર શાસન સ્થાપ્યું.

" અરે ! આ શું !"

" કેવો ઉપદેશક બનાવ "

મુખે હૃદયને પૂછ્યું. " તેમાં ઉપદેશક સત્ત્વ શું આવ્યું ? "

હૃદયે ઉત્તરમાં વિચાર—પરંપરાનોજ આશ્રય લીધો. " આ વિજળીના ચમકારાઓની તુલ્ય આ સર્વ અન્ય વસ્તુ અમુક વખતને માટેજ નિર્માણ થએલી છે. આ ગડગડાટ તુલ્ય સર્વ કોઈ અન્યવસ્તુથી મદમાં ગર્ક થઈ ને છકેલા સાંઢની પેરે ગડગડાટ કરે છે તે ગડગડાટ—નિમિત્ત વસ્તુઓના—અસ્તિત્વસુધી—સ્વલ્પ સમયને માટેજ છે. હા ! તેમ છે છતાં પણ પ્રાણી, માત્ર પૈસા પ્રાપ્ત કરવા પાછળજ મંડ્યો રહે છે તેનું કારણ શું ? ઠીક ! અન્ય પ્રાણીતો સ્વેચ્છામાં આવે તેમ વર્તે પણ મારે શું કરવું ? "

આ પ્રશ્નો ઉદ્‌ભવતાંજ શેઠજી તરંગ વમળમાં તણાવા લાગ્યા—હૃદયમાં અનેક વિચારો ઉઠ્યા. ઘડી થઇ, બે ઘડી થઈ, પણ શેઠના વિચારોનો પાર ન આવ્યો. અંતે થાકીને પોતે પુનઃનિદ્રાનું આવાહન કરવા લાગ્યા, પણ તે ગાઢ નિદ્રા ન હતી. શેઠજી સ્વપ્નસૃષ્ટિમાં તરવા લાગ્યા, વેરાન જંગલમાં ગમન કરવા લાગ્યા, ક્ષુધા—તૃષા—શ્રમ વિગેરેથી આકુલવ્યાકુલ થવા લાગ્યા. માર્ગમાં ઘણે અંતરે કોઇ કોઇ ઝાડ આવતું હતું. કંટાળીને ઘણે દૂર એક ઝાડ હતું ત્યાં બેસવાનો નિશ્ચય કર્યો. અત્યંત શ્રમથી સમીપે જતાંજ

તે ઝાડના મધ્ય ભાગમાં સોનાની તખ્તી ઉપર સુંદર અને મોટા અક્ષરથી કંઇક લખાણુ લખેલું જોયું. શેઠ તે વાંચવા લાગ્યા.

" શું પુરૂષાર્થની પરિસીમા પૈસાની પ્રાપ્તિમાંજ સમાયેલી છે ? "

શેઠજી અફસોસ કરવા લાગ્યા. " અરે ! મેં મારૂં સઘળું જીવન માત્ર પૈસાપ્રાપ્તિમાં ગુમાવેલું છે. પરજીવને દુઃખથી પીડાતો જોઇને સુખદાનના ઉપાયો સાધવામાં ધન વ્યય કર્યું નથી પણ ઉલટું કપટાદિથી વિશેષ મેળવવા પ્રયત્ન કર્યા છે. "

એટલામાં શેઠની નજર તેની નીચેની બીજી તખ્તી ઉપર ગઇ, તેમાં પ્રથમ તખ્તીને લગતુંજ વર્ણન હતું. શેઠ તેને વાંચવા લાગ્યા.

" ધન–પ્રાપ્તિમાંજ પુરૂષાર્થની સાફલ્યતા સમજનારા ક્ષુદ્ર માનવી ! શું તું મનમાં એમ ધારે છે કે ધન પ્રાપ્ત કરવાથીજ હું સર્વ સુખને પ્રાપ્ત કરી શકીશ ? શું તું મનમાં એમ ધારે છે કે ધન સદા અવિનાશી છે ? શું તું મનમાં એમ ધારે છે કે આ જીવન–પ્રાપ્તિ ધન–પ્રાપ્તિને અર્થેજ છે ? અર્થાત્ પોતાના જીવનમાં પુરૂષાર્થની મર્યાદા ધનપ્રાપ્તિમાંજ છે ? નહિ ! નહિ ! અને તેમ છતાં પણ તું વિચાર કર કે જીંદગાનીમાં સદા માત્ર ધન પ્રાપ્તિમાંજ મચ્યો રહીશ તો તેની સાફલ્યતાનો અનુભવ ક્યારે લઇશ ? પણ તું વિચાર કર કે ધન કદાપિ અવિચલિત છે નહિ અને થઇ શકવાનું પણ નથી, પણ તું વિચાર કર કે આ જીવન–પ્રાપ્તિ માત્ર ધન–પ્રાપ્તિને અર્થેજ હોય તો પશુ ને તારામાં શો ફેર ? કારણકે જ્યારે તું અન્યનું હિત કરવાને પ્રવર્ત્તતો હોય ત્યારે જ તું પશુથી ઉત્તમ થઇ શકશે. પૂર્વભવમાં તેં પરહિતકારી કર્મો આચર્યા હશે તેથી તને એવાં કર્મો વિશેષ કરવાને માટેજ આ માનવ–જીવન પ્રાપ્ત થયું છે, માટે તું પોતાનાં ઉન્નતિકારક કાર્યો સાથેજ પરને ઉન્નતિકારક કૃત્યો આચરીને તે જીવન સફળ કર; કારણ કે–

**यस्मिञ्जीवति जीवन्ति बहवः स तु जीवतु ॥**
**काकोऽपि किं न कुरुते चञ्चा स्वोदरपूर्णं ॥ १ ॥**

જેના જીવવાથી ઘણા પ્રાણીઓ જીવે છે તે ભલે જીવો, બાકી તો કાગડાએ પોતાનું પેટ પોતાની ચાંચથી ભરે છે તેમ—મહત્વ શું ? "

વાંચતાં વાંચતાં શેઠનું મન આર્દ્ર થઇ ગયું, પશ્ચાત્તાપ ધૂમાડામાં ગોટાઇ ગયા, વિચાર–સંકલનામાં સંકળાઇ ગયા, વિચારમાં ને વિચારમાં શેઠ

ત્યાંજ બેસી ગયા. કેટલોએક સમય વ્યતીત થવા પછી એકદમ એક નવીન વિચાર સુઝી આવવાથી શેઠ કમાનમાંથી બાણ છૂટે તેમ એકદમ ઉભા થઈ ગયા, પશ્ચાત્તાપને પરાસ્ત કર્યો, વિચારને વેગળો મૂકયા, પોતાનો પુરૂષાર્થ અન્યજીવના હિતમાં ગુમાવવાનો નિશ્ચય કર્યો.

શેઠજી આનંદ સૃષ્ટિમાં તરવરવા લાગ્યા, સ્વપ્નાવસ્થા શમી ગઈ અને તેજ ક્ષણે જાગ્રદવસ્થાને નવીન જીવન પ્રાપ્ત થયું. પ્રાતઃકાલ થયો હોવાથી શેઠ પોતાના નિત્યકર્મમાં સામેલ થયા.

શેઠ પછી પોતાનો નિશ્ચય કેવી રીતે અમલમાં મૂકયો તેનું વિગતે સ્વરૂપ ઉદ્દેશને અનુસરીને નહિ હોવાથી અહિં દેખાડવામાં આવતું નથી પણ વાંચનાર ! સારાંશને મગજમાંથી કદી પણ સરકી જવા દેશે નહિ.

---

# गृहस्थाश्रम शाथी उत्तम शोभी शके ?

(લેખક, શેઠ. જેશીંગભાઈ પ્રેમાભાઈ મુ. કપડવણજ.)

( અનુસંધાન અંક દશમાના પાને ૩૧૧ થી )

જો તમો જાતે વ્યાપાર કરવાની સ્થિતિમાં ના હો તો તમારા પૈસા કોઇ નિર્ભય સ્થળે મુકીને તમારો વર્તમાન ઉદ્યોગજ કર્યા જવું એ અધિક લાભપ્રદ છે. પૈસાને કયા ઉપયોગમાં નાંખવા તે તો જાતેજ બુદ્ધિપૂર્વક વિચાર કરી નિર્ણય કરી સાવધાનતાથી વ્યાજે મુકવા જોઇએ. જો વધુ હિંમત ન હોય તો સરળ રસ્તો એ છે કે કોઇ સરકારી બેંક પોસ્ટ ઓફીસ વા કોઇ સારી દેશી બેંકમાં વ્યાજે મુકવા જોઇએ અને તેથી પણ વધુ બની શકે તેમ હોય તો કોઇ તમારા અનુભવી સારા સદ્‌ગૃહસ્થને ત્યાં મુકવા. તમે જો તમારી બુદ્ધિનો વધુ ઉપયોગ કરી બીજાં સારાં સ્થળ શોધી કહાડી શેરાદિમાં તમારા રૂપીઆ રોકશો તો અધીક લાભ છે પણ તે કરતાં પહેલાં સાવધાન રહેજો કારણ કે આજકાલ એવા ઘણાંજ ડંબી પ્રોસ્પેકટસ નીકળે છે કે જેમાં પૈસા નાંખવાથી આપણને નુકશાનજ થાય છે અને પસ્તાવો કરવો પડે છે. આવું ન થાય તેને માટે પૂર્ણ સાવધાન રહેવાની અગત્યતા છે.

વિપત્તિ એજ સુખને દેનાર સાધન છે કારણ કે જે મનુષ્યોએ વિપત્તિ સહન કરી નથી તેઓનામાં ધૈર્યાદિ ગુણો આવેલા હોતા નથી અને વ્યાપારમાં તો ધૈર્યાદિ ગુણોની અત્યંત આવશ્યકતા છે. ઉદ્યોગથીજ લક્ષ્મી પ્રાપ્ત

થાય છે. તમને કોઇ અમુક વેપારમાં લાભ ન થાય તો તેથી હબક ખાઇ જવા જેવું નથી પણ પુનઃ પ્રયત્ન કરવાનો છે. એક આગ્રહથી તેની પાછળ મંડયા રહેવાનીજ જરૂર છે તેથી ધન પ્રાપ્ત થાય છે પણ રાંડીરાંડની પેઠે હાય હાય કરી બેસી રહેવાથી ધન મેળવી આ દુનીયાનાં અમર્યાદ સુખનો લાભ લઇ શકાય તેમ નથી. માટે નીષ્ફળતા પ્રાપ્ત થતાં પૂનઃ પ્રયત્ન કરવાનો છે. આથી વધુ બીજી અન્ય રીતે ધન પ્રાપ્ત થાય છે. અને એવા બીજા કયા ઉપાયોથી ધન પ્રાપ્ત થાય છે તેનું અધીક બ્યાન આગળ રજુ કરૂં છું.

તત્ત્વવિદ્યા, અધ્યાત્મ વિદ્યા કે જેને પાશ્ચાત્ય લોકો "સાઇકોલોજી" (Psychology) કહે છે તે પૂર્વે આપણા ભારત વર્ષમાં જેટલી ખેડાઇ હતી તેટલી અન્ય દેશમાં હજુ પણ ખેડાઇ નથી એ વીદ્યાનાજ બળે પુર્વે આપણો ભારત વર્ષ સુખના શીખરે પહોંચેલ હતો એટલુંજ નહિ પણ પ્રવૃત્તિના શીખરે પણ સ્થપાયલું હતું એવું ઇતીહાસ વીગેરે પુસ્તકોથી સિદ્ધ થાય છે. શરીર બળ, આર્થીક બળ, કળા બળાદિમાં ભારતની પ્રજાએ એટલી તો ઉત્તમ સ્થીતિ દર્શાવી હતી કે આજની પ્રજા તેને કપોલ કલ્પીત ગણી સાચી હોય તેમ સ્વીકારતી નથી પણ હાલમાં જ્યારે પાશ્ચાત્ય વિદ્વાનો કાંઇ રજુ કરે છે ત્યારે તો તરતજ આજની પ્રજા સ્વીકારવામાં વીલંબ કરતી નથી. પૂર્વે જે આપણું હતું તેનું સંશોધન કરવાથીજ પાશ્ચાત્ય લોકો આટલું બધું કરી શકે છે. ભારતવર્ષની પૂર્વની ઉન્નતિ નાશ પામી છે એટલુંજ નહી પણ તત્ત્વ વિદ્યાનું પૂર્ણ જ્ઞાન મેળવનાર મનુષ્યો પણ આજે આપણી પ્રજામાં ભાગ્યેજ મળી આવે છે એટલે કે કેટલાકો તે વીદ્યાનું રહસ્ય જાણવા પ્રયત્ન કરે છે પણ તેવા સેંકડે એકજ હોય એમ માલુમ પડે છે. આજે સાધુઓનું ઝુંડેઝુંડ આ ભારતમાંથી મળી આવે છે પણ તે વિદ્યાનું રહસ્ય સમજનાર અને સમજી તે વડે ઐહીક અને પરમાર્થીક હિત કરનારની સંખ્યા તો સમુદ્રમાં બિંદુ માત્ર છે.

બાહ્ય વર્તન ગમે તેટલાં સારાં અને શીલ હોય પણ આત્મીક ધન મેળવવાની જરૂર છે. વળી આપણા સુત્રકારો કહી ગયા છે તેમ **ज्ञानक्रियाभ्याम् मोक्षमार्गः** એટલે કે જ્ઞાન ને ક્રીયા એ બન્નેથી મોક્ષ માર્ગ લઇ શકાય તેમ છે, નહીં કે એકલા જ્ઞાનથી વા એકલી ક્રીયાથી પણ નથી. મન, સુખ દુઃખનું કારણ છે, એમ સર્વ કોઇ બોલે છે પણ પોતાને આવેલ દુઃખ ટાળવામાં તેનો ઉપયોગ કરે તેને ધન્યવાદ ઘટે છે.

આજે પશ્ચિમના લોકો કેટલોક વખત થયાં આ વિદ્યાનું રહસ્ય જાણવા તેની પાછળ મથે છે તોપણ પૂર્વે આપણે જેટલો અનુભવ મેળવ્યો હતો તેટલો તે લોકો મેળવી શક્યા નથી. તેઓ આ વિદ્યાનો અભ્યાસ કરી વ્યવહારીક તેમજ પરમાર્થીક ઉભય માર્ગમાં ઉપયોગ કરવા લાગ્યા છે. જો કે પૂર્વે અહીંની પ્રજાએ જેટલી તે વિદ્યાને ખેડી હતી તેના હજુ સોમા ભાગમાં પણ તેઓ ખેડી શક્યા નથી છતાં પણ આજે તેઓની કેટલી ઉન્નતિ થએલ ભાસે છે.

પાશ્ચિમાત્ય પ્રજા મોટે ભાગે પ્રવૃત્તિનાં સુખને ઇચ્છનાર હોવાથી તેઓ આ વિદ્યાને બળે પોતાની વ્યવહારીક ઉન્નતિ સાધી શક્યા છે એમ સ્પષ્ટ થાય છે. પૂર્વે જે આપણું હતું તે હવે આધુનીક સમયમાં આપણે તેમની પાસેથી શીખવાનું છે એમ ઘણી ઘણી રીતે જોતાં દેખાઇ આવે છે. ભલે તે રીતે પણ જો આપણી પ્રજા તે વિદ્યાનો અનુભવ લેવાને પ્રયત્ન કરતી રહે તો એ વાત આનંદકારક ગણાય. જો આપણે આપણા જુના રહસ્યને ફરીથી ખેડી ઉચ્ચ સ્થીતિમાં લાવી મુકીએ તો ઐહીક અને પારલૌકીક સુખ પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ. આથી એમ તો સિદ્ધજ થાય છે કે દરેક મનુષ્યે તે વિદ્યાનું રહસ્ય જાણવું એ લાભપ્રદ છે.

તત્ત્વવિદ્યાથી વ્યવહારીક ઉન્નતિ નથી થતી એમ કહેનારને નીચેના દષ્ટાંતથી સિદ્ધ થશે. પૂર્વે આપણા આ ભારતવર્ષ ઉપર દ્વારીકા જેવી નગરી સોનાની સંભળાય છે તો તેવી સોનાની નગરી બનાવનાર પુરૂષોમાં એવું બીજું કયું બળ હતું કે જે બળથી આવી આશ્ચર્યકારક ચીજો બની શકતી હતી. આ બળ એકજ હતું કે જેને અતત્ત્વવિદ્યા કહેતા હતા. તે વિદ્યાના બળેજ આપણા દેશના ઘણા સમર્થ પુરૂષોએ અનેક વૈભવ વિગેરે મેળવ્યા છે. તેમજ આપણા પૂર્વના આચાર્યોએ પણ સિદ્ધ કર્યું હતું, એમ શાસ્ત્રાદિ ગ્રન્થોથી સમજાય છે. વધુ ન જતાં હું એટલુંજ કહીશ કે હાલ થોડાક વખત પહેલાં થયેલ મહાન્ પંડીત્ શ્રી યશોવીજયજીએ પણ એ વિદ્યાનું રહસ્ય જાણવા ઘણોજ પ્રયત્ન કર્યો છે.

આ કથન સત્ય છે એવું જાણવાને માટે તેમાં મન જોડી પ્રયત્ન આદરવાની જરૂર છે અને આવો પ્રયત્ન જે કરશે તેની સત્યતાનો તરતજ અનુભવ થશે. ધનને પ્રાપ્ત કરવામાં હાલમાં પાશ્ચિમાત્ય વિદ્વાનો કયા નિયમોનો અભ્યાસ કરે છે તે બાબતનું મારે તમને ધ્યાન આપવું જોઇએ. જો કે તે નિયમ અપૂર્ણતાવાળા હશે તોપણ જ્યાં સુધી અન્ય કોઇએ પૂર્ણતા-

વાળા નિયમોનું પ્રકાશન કર્યું નથી ત્યાંસુધી તેપણ લાભપ્રદ છે. જો કે પૂર્ણતાવાળા નિયમો આપણી પ્રજા પ્રકટ કરે છે તોપણ હજીસુધી તેનો કોઇ અભ્યાસ કરતું નથી તેમજ તેને કોઇ ઐહીક વા અલૌકીક સુખની પ્રાપ્તી કરવાને માટે યોજતું નથી. આપણાં સ્ત્રી પુરૂષો જો કે પરમાત્માનું નીકટના રહસ્યનું જ્ઞાન થોડા ઘણા અંશે જાણે છે પણ તેને પ્રયત્નમાં મુકવાનું તેઓને કઠીન ભાસે છે. પ્રયત્નને વેગળે મુકી જો ઉદ્યોગ કરવામાં આવે તો તે ઉપર કહેલાં બન્ને સુખની પ્રાપ્તી ઘણી સરલતાથી કરી શકે. પણ પ્રયત્નની ખામીને લેઇ આ બધું મેળવી શકાતું નથી. વળી તે પ્રયત્નમાં કયી પદ્ધતિસર મુકવું તેનું ગાન પણ આપણાં સ્ત્રી પુરૂષો મેળવતાં નથી અને તેમ તત્ત્વવિદ્યા સર્વ અંશ સિદ્ધ થઇ શકતી નથી વળી યથાર્થ ઉપદેશક ગુરૂઓનો અભાવ છે તેથીજ આપણી પ્રજા વિશેષ અંધકારમાં છે કારણ કે આપણામાંના ઘણા ખરા મુની મહારાજો તે ક્રીયાનેજ ફક્ત મુખ્ય સ્થળ આપે છે અને જ્ઞાનની ઓછી અગત્યતા સ્વીકારતા હોય તેવુંજ ઘણેખરે ભાગે જોવામાં આવે છે અને વળી તેઓ તત્ત્વવિદ્યાનું જ્ઞાન મેળવવા પણ પ્રયત્ન કરતા નથી અને તેથીતો જાણે મોટો અનર્થ થશે એમજ તેઓ સમજતા હોય એમ માલુમ પડે છે અને જ્યારે આપણા ગુરૂમુની મહારાજો કે જેઓ આપણા ઉપદેશક ગુરૂ તરીકે છે તેઓનુંજ જ્યારે આમ છે તો પછી આપણી ઉન્નતિ ક્યાંથી સંભવે. જ્યાં પ્રથમ પગથીયું કે જેનાવડે આપણે આગળ ચઢી શકીએ તેમ છીએ તેજ બરાબર નથી તો પછી આપણે આગળ કેમ ચાલી શકીએ તેમ છે એટલે તેઓએ હાલના જમાનાનો વિચાર કરવો જોઇએ અને જ્ઞાન મેળવવા તરફ વધુ પ્રયત્નશાલી થવાની જરૂર છે.

જેમ આ દેશમાં ઉગેલું રૂ વિલાયત જઇ અત્યંત સુંદર રૂપ ધરી તે વસ્ત્ર બની પાછું આપણીજ પાસે આવે છે તેમજ અહીંનીજ તત્ત્વવિદ્યાના નિયમો પાશ્ચિમાત્ય દેશમાં જઇ નવું રૂપ ધરી આપણી પાસે આવ્યા છે અને તેઓનો જો બરોબર સદુપયોગ કરવામાં આવે તો તે સુખને આપવા વાળા છે. પરદેશી વસ્તુઓનો બહિષ્કાર કરનારને આમ જાણી ભડકવાનું નથી કારણ કે જેમ આપણા દેશની સોનાની ખાણોમાંથી નીકળેલ માટી કચરાવાળું સોનું વિલાયતમાં જઇ સાફ થઇ પરદેશી રાજમુદ્રા અંકીત થઇ આવતાં પરદેશી છે એમ માની તેનો જો આપણા ભંડારમાં સ્વીકાર કરવામાં ન આવે તો આપણે દરીદ્રી થઇએ તેમ છીએ, તેજ માફક બહિષ્કારનો કલ્યાણ કારણ હેતુ સમજીને જો તે હેતુ સિદ્ધ થતો હોય તોજ તેને આ-

દર સત્કાર આપવો જોઇએ એ વિવેકીનું કર્તવ્ય છે. અન્યથા—"મારી માએ કહ્યું છે કે રાત પડે ત્યાં વાસો રહેજે" એ વાક્યમાં રહેલ રહસ્યનેજ વળગી રહેનાર મુર્ખ મનુષ્યની માફકજ આપણી ગણના થાય છે.

ઉત્તમ ફળ વેચવા બેઠેલ કોઇ મનુષ્યને કોઇ ગ્રાહક પુછે છે કે આ ફળ બગડેલું તો નથી ? તેનો જેમ એકજ ઉત્તર હોય છે કે જુઓ અને ખાતરી કરો. તેજ માફક આ વિચારો ટાઢા પહોરનાં ગપ્પાં તો નથી. એમ પુછનાર મનુષ્યને એકજ ઉત્તર બસ છે કે પ્રયત્ન આદરો અને અનુભવમાં મુકો. બુદ્ધિને ખીલવવા માટે તત્વજ્ઞાનની કુંચીઓ નથી પણ આતો ધન પ્રાપ્ત કરવા નીયમોની કુંચીઓ છે. યોગી મહાત્માઓને માટે તો આમાં કાંઇ વધુ નથી પણ વ્યવહારમાં સુખ ઇચ્છનાર મનુષ્યોને માટે આ વિષય ઉપયોગી છે.

પ્રીય વાંચક ! ખાવાને અન્ન, પહેરવાને વસ્ત્ર પ્રાપ્ત કરવા માટે વિગેરે આ દુનીયામાં વીધ વીધ સુખોની પ્રાપ્તી અર્થે અત્રે લખાય છે, અનુભવતુલ્ય સમર્થ પ્રમાણ બીજું એક પણ નથી માટે અનુભવ લો અને ખાત્રી કરો. પૂર્વે કહી ગયો છું કે ધનવાન થવાનો સર્વને અધિકાર છે તો પછી ધનવાન થવાની ઇચ્છા કરવી એમાં ભુલ ભરેલ નથી. મન અને આત્મા બન્નેનો અનાદાર કરીને એક શરીરની ઉન્નતિ કરવાથી કાંઇ જીવન પૂર્ણતાવાળું નથી તેમજ શરીર અને આત્માનો અનાદર કરી એકલું બુદ્ધિબળ કેળવવાથી કાંઇ સર્વ પ્રાપ્ત થતું નથી. સંપૂર્ણ જીવન તો ત્યારેજ પ્રાપ્ત થાય છે કે જ્યારે મન, શરીર અને આત્માનો વીકાશ કરાય ત્યારેજ જીવન પુર્ણતાવાળું થયું એમ કહેવાય. ધન મેળવવાની ઇચ્છા કરનારને કાંઇ ધન આવી જતું નથી પણ જ્યારે ધન પ્રાપ્ત કરવાને પ્રયત્નશીલ થવાય ત્યારેજ ધન પ્રાપ્ત થાય છે.

ધન પ્રાપ્ત કરવાની ઇચ્છા થવી તેમાં કાંઇ નવાઇ જેવું નથી કારણકે શું ખાવાની ઇચ્છાને આપણે પાપ માનીએ છીએ તો પછી ખાવા વીગેરેનું પ્રાપ્ત કરવામાં જે સાધનો રચીએ તેમાં શું પાપ માનવું જોઇએ ? નહીજ. શું, ધન, ખાવાનું, વસ્ત્ર, ઘર વીગેરે જીવન નિર્વાહ પદાર્થો મેળવવામાં મદદગાર નથી થઇ પડતું ? પોતાના પ્રીતિપાત્ર મનુષ્યને તેમને ઇચ્છેલ કાંઇ ચીજ આપવાથી તેમને સુખ છે તેમજ પોતાના મનને આનંદ થાય છે આવી આવી અનેક ક્રીયાઓમાં ધનજ સાધનભુત છે તો પછી ધન પ્રાપ્ત કરવાની ઇચ્છા થવી તેમાં કાંઇજ ખોટું નથી.

એ એક કુદરતી નીયમ છે કે સજાતીય કારણ સજાતીય ફળને ઉત્પન્ન કરે છે. આમાં જે જે કારણો દર્શાવવામાં આવ્યાં હશે તે તે તેવાંજ ફળને દર્શાવનાર થઇ પડશે, જો સ્ત્રી પુરૂષો તન મન દઇ ઉદ્યોગ આરંભશે તો અમુક ઉદ્યોગ કરવાથીજ ધનવાન થવાય છે તેવું કાંઇ નથી પણ ગમે તે પ્રકારનો ઉદ્યોગ કરવાથી ધનવાન થવાય છે પણ એટલું તો નક્કીજ છે કે તમને જે ધંધો વધુ પસંદ હોય તે ધંધામાંજ વધુ ધન પ્રાપ્ત થઈ શકે તેમ છે કારણ તે તમારા સ્વભાવને અનુકૂળ હોય છે તેથી તમો તે ધંધા પાછળ વધુ મન દઇ કામ કરી શકો છો. જે સ્થાનમાં પૈસાની લેવડદેવડ કરનાર મનુષ્યો વસેલ છે તેવા સ્થાનમાં વ્યાપાર થઇ શકે તેમ છે.

એટલે કે દરેક ધન પ્રાપ્ત કરવા ઇચ્છનાર મનુષ્યે લક્ષમાં રાખવાનું છે કે જે સ્થાનમાં પૈસાની લેવડ દેવડ થઇ શકે છે તે સ્થાનમાં જઇને વ્યાપાર કરવો જોઇએ કારણ વ્યાપારમાં દરેક વખતે પૈસાની જરૂર હોવાથી આવી લેવડ દેવડથી તે દૂર કરી શકાય તેમ છે. વળી તે સ્થાનમાં જે ધંધો વધુ અનુકુળ હોય તે ધંધો કરવાની જરૂર છે કારણ જે સ્થાનમાં જે જાતનો બજાર સારો હોય તે જાતનોજ જો આપણે વેપાર કરીએ તો તેમાં ફત્તેહમંદ થઇ શકીએ છીએ. આ બધું અગત્યનું જ છે છતાં પણ કોઇક વખત બને છે કે આવાં અનુકુળ સાધન પ્રાપ્ત થયા છતાં પણ ધન પ્રાપ્ત થઇ શકતું નથી તો તેમાં આગળ કહી ગયા છીએ તેવા ગુણો ન હોવાની ખામીને લીધેજ આવું બને છે તેથી તેવા ગુણો પ્રાપ્ત કરવા એજ પ્રથમ અગત્યનુંજ છે.

તમારી પાસે પૈસો નથી અને તેથી ધનવાન ન થવાય એમ નીરાશ બનવાની જરૂર નથી કારણ કે જો તમો અમુક નીયમીત રીતે કામ આરંભશો તો વીના પૈસે પણ તે ધંધામાં ધનવાન થઇ શકશો. તમે ભલે દેવાદાર હો, તમારો વગવશીલો બીલકુલ ન હોય પણ જો અમુક નીયમે કામ કરવામાં આવે તો પણ તમે પૈસા પ્રાપ્ત કરી કીર્તિ મેળવી શકો તેમ છો. જે ધંધો તમે હાલ કરતા હો છો તેજ ધંધામાં અને જે સ્થળમાં હાલ તમે રહો છો તેજ સ્થળમાં ધનવાન કરનાર નીયમોનું જો જાતે પરીપૂર્ણ પાલન કરશો તો તમો ધનવાન થશો તેમાં કાંઇ આશ્ચર્ય નથી. તમે ગમે તે સમયે ધન પ્રાપ્ત કરી શકવાના, કારણ કે કાંઇ તે સમયનો કોઇએ ઇજારો લીધેલો નથી. તેમજ તે મેળવવા માટે કાંઇ અમુક વખતની અગત્યતા નથી. કારીગરો ને મજુરો પણ જો નીયમીત પદ્ધતિ પ્રમાણે કામ કરે છે તો તે

પણ તેઓ જેવી સ્થીતિમાં હાલ હોય છે તે સ્થીતિથી ચઢીઆતી સ્થીતિને પ્રાપ્ત કરે છે પણ નીયમો જાણવાની ખાસ જરૂર છે. જગતમાં ધન ઓછું છે માટે કેટલાક માણસોએ ગરીબ રહેવું જોઇએ એવો કાંઇ નીયમ નથી. સઘળાને પુરૂં થઇ રહે તેના કરતાં પણ જગતમાં વધારે ધન છે. રાજમહાલય જેવા મહાલયમાં પ્રત્યેક કુટુમ્બ રહી શકે તેટલું ધન જગતની અંદર ભરેલ છે અને એવું સાધન આ એકલા આપણા ભારતમાંજ રહેલ છે એમ સ્પષ્ટ ભાસે છે તો હવે તેવા સાધન અને નીયમજ પ્રત્યેક મનુષ્યે જાણવાની જરૂર છે. ઉત્કર્ષકર વિદ્યાવડે કરીને આ દેશમાં કપાસ, શણુ, ઉન એટલું બધું ઉત્પન્ન થઇ શકે તેમ છે કે એકલા તે વડેજ પ્રત્યેક કુટુમ્બ મોટા બાદશાહના ગઢ જેવાં વસ્ત્ર સજી શકે તેમ છે. તેથી આહારના એટલા બધા પદાર્થો ઉત્પન્ન કરી શકાય તેમ છે કે તે વડે પ્રત્યેક ઘર બત્રીશ પકવાન અને જાત જાતની રસોઇ જમી શકે. તે પણ નહીં કે એક વર્ષનેજ માટે પણ જોઇએ તેટલા સમય સુધી પહોંચી શકે તેમ છે.

આ વીગેરે બાબતોથી એમજ સિદ્ધ થાય છે કે જગતમાં દરેક મનુષ્ય ધનવાન થવાને અધીકારી છે અને તે નીયમથી જો કામ કરે છે તો ધનવાન્ થાય છે. તે ધનવાન થઈ આ દુનીયાંના વિધવિધ સુખો ભોગવી શકે તેમ છે. વળી ધનવાન હોવાથી તેને વ્યવહારમાં વધુ લક્ષ દેવું પડતું નથી. પણ સરળ રીતે તે પોતાનો વ્યવહાર ચલાવી શકે છે. તેથી તે બાબતમાં નીશ્ચીંત થતાં પોતાની તત્ત્વવિદ્યામાં વધુ લક્ષ દઈ શકે છે અને તેનું રહસ્ય જાણી પરલોકી સુખને માટે પણ સામગ્રી કરી શકે તેમ છે ને વળી તેટલું કરી બેસી ન રહેતાં આગળને આગળ વધતાં મોક્ષ પર્યંતનાં સુખને પ્રાપ્ત કરવા માટે તૈયાર થઇ શકે છે. જો ગૃહસ્થાશ્રમ ઉત્તમ પ્રકારનો હોય તોજ આ બધું થઈ શકે છે.

આથી એમ તો સમજાય છે કે ગૃહસ્થી દરેક મનુષ્યને ધન થવાની અગત્યતા છે, વળી ગૃહસ્થાશ્રમ ઉચ્ચ હોવામાં ઉત્તમ ગુણો, વ્યાપાર કીર્તિ વીગેરેની જે અગત્યતા છે તે કેવી રીતે પુરી પાડવી અને ગૃહસ્થાશ્રમ કેમ થઇ શકે તે વીગેરે રહસ્યનું જ્ઞાન જાણવાની અગત્યતા વીગેરે દરેક વસ્તુ સ્પષ્ટ સમજાઇ ગઇ હશે. આથી વધુ વીવેચન કરવાની અગત્યતા જોતાં હવે એક બાબતમાં હુ છેલ્લું તમારૂં ધ્યાન ખેંચું છું. આ એક બાબતથી હું આશા રાખું છું કે મારા પ્રિય વાંચકોને કંટાળો આવશે તો નાહીંજ, પણ ધ્યાનપૂર્વક વાંચી તેમાંથી સત્ય ગ્રહણ કરી પોતાનું સાર્થક કરશે. હવે તે બાબત એજ છે કે લક્ષ્મીનો સદ્ઉપયોગ કરવો

જોઇએ. કારણ કે ઉચ્ચ ગૃહસ્થાશ્રમમાં તે ગુણ પ્રધાનપદ ધારણ કરે છે. જે મનુષ્યો લક્ષ્મીનો સદ્ઉપયોગ કરતા નથી તો તે ગૃહસ્થની પદવી ધારણ કરવાને લાયકજ નથી. જેઓ પોતાનું ધન પોતાના ન્યાત લોકોનો ઉદ્ધાર કરવાને અને એવાં બીજાં અનેક શુભ કાર્યોમાં વાપરતા નથી તેઓ ગૃહસ્થતો નહી પણ કનીષ્ટ કહેવાય છે. જે મનુષ્યમાં પરોપકાર વૃત્તિ હોય છે. તેવાજ મનુષ્યો લક્ષ્મીનો સદ્ઉપયોગ કરી શકે છે માટે આ બાબતમાં દરેક મનુષ્યે પરોપકાર વૃત્તિ રાખવી જોઇએ. એવું સિદ્ધ થાય છે. તો હવે છેવટે દરેક મનુષ્યે પરોપકાર વૃત્તિવાળા થવાની અગત્યતા છે. આપણે પણ તે ગુણ ઉપર વધુ વિચાર કરશું. પરોપકાર વૃત્તિવાળાઓજ લક્ષ્મીનો સદ્ઉપયોગ કરી શકે છે. કુદરતમાં મોટામાં મોટો ગુણ જો દૃષ્ટિએ આવતો હોય તો તે પરોપકાર વૃત્તિજ છે. જેમાં કુદરતની અધીક સત્તા જામેલી છે તેમાં કુદરતે પરોપકાર વૃત્તિનો ગુણ અધીક ખીલાવેલો દ્દષ્ટીએ આવ્યાં કરે છે. દાખલા તરીકે ગુલાબપર કુદરતની સત્તા છે અને સુવાસ આપી પારકાના મનમાં આનંદ ઉર્મીઓ ઉપજાવે છે.

આપણો ઉદય પણ કુદરતને અનુકુળ વર્તવાથી થાય છે તો આ પરોપકાર વૃત્તિ જેવા ગુણને વધુ કેળવવાથીજ આપણે કુદરતને મદદ કરી શકીએ તેમ છીએ. આથી જો આપણો ઉદય ઇચ્છતા હોઇએ તો આપણે પરોપકારી બનવાની પ્રથમ આવશ્યકતા છે. જેમ કુદરતમાં પરોપકાર વૃત્તિ છે પણ તે માટે તે નિરાભિમાની છે, તેજ પ્રમાણે દરેક મનુષ્યે પરોપકારી થવાની સાથે નિરાભિમાની થવાની જરૂર છે. કુદરત કેવી નિરાભિમાની છે? તેને એમ કદાપી લાગતુંજ નથી કે અમુકે મારા વૃક્ષને છેદી નાંખ્યું અને તેથી તે કદાપી તેને માટે વેર પણ લેતી નથી. વૃક્ષને કોઇ કાપી નાંખે છે, કોઇ બાળી નાંખે છે, પણ કોઇના ઉપર ક્રોધે ભરાતું નથી. પણ પોતાની વસ્તુનો પારકા માટે ઉપયોગ છે એવો વીચાર લાવી તે પારકાને ઉપયોગ કરવા દે છે. તેજ માફક પરોપકારી વૃત્તિ આપણે મનુષ્યે પણ રાખવાની જરૂર છે. આપણામાં જ્યારે આવી નિરાભિમાની પરોપકાર વૃત્તિ ઉત્પન્ન થાય છે ત્યારે આપણો ઉદય થવાનો છે. આવી પરોપકાર વૃત્તિવાળા પુરૂષોજ લક્ષ્મીનો સદ્ઉપયોગ કરી શકે છે. ધન પ્રાપ્ત કરી પોતાના ભોગનેજ માટે લક્ષ્મીનો વ્યય કરવો એ સદ્ઉપયોગ નથી પણ પોતાની લક્ષ્મીનો પારકાને માટેજ જ્યારે વ્યય થાય છે ત્યારેજ તે ઉગી નીકળે છે, આવી રીતે બીજા અનેક ગુણો ખીલવીને હરકોઇ મનુષ્યે પોતાનો ગૃહસ્થાશ્રમ સુખી અને ઉચ્ચ કરવાનો છે.

તત્કાળ આ વિષયમાં કાંઇ અધીક ન હોવાથી અત્રેજ તેને સમાપ્તિ અર્પીશું.

અનંત સંપત્તિ પતિ પરમાત્માની કૃપાથી સર્વેનું કલ્યાણ થાઓ.

ૐ शांति.

ૐ श्री सद्गुरुभ्योम् नमः

**સૂચના**—આ લેખ વ્યાવહારિક ધન પ્રાપ્તિ વિદ્યાનો છે–તેથી તેમાંથી જૈનશાસ્ત્રોને અનુસરીને ગૃહસ્થોએ ગ્રહણ કરવા લાયક હોય તેટલુંજ ગ્રહવું–ગૃહસ્થોને જે ઉપયોગી લાગે તેનો વિચાર કરવો. જૈનશાસ્ત્રીય દૃષ્ટિ ધારક ગૃહસ્થોએ વિવેક દૃષ્ટિથી આ લેખ વાંચી સાર ભાગનો ઉપયોગ ધારવો.

સંશોધક.

---

# " आवश्यक बोलो "

( અનુસંધાન અંક ૬ ના પાને ૧૮૩થી )

લે. આત્મારામ ખેમચંદ. મુ. સાણંદ.

૩૪ તત્ત્વજ્ઞાન વિના પોતાનું અને પરનું ભલું કરી શકાતું નથી. જ્ઞાન વિના કયું સત્ય કયું અસત્ય તે જણાતું નથી. માટે જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. જગત્માં જ્ઞાન સૂર્ય સમાન છે.

૩૫ સદ્ગુરૂસમાન જગત્માં કોઇ ઉપકારી નથી. આ જગત્માં શ્રી સદ્ગુરૂ થકીજ તરવાનું છે. શ્રી સદ્ગુરૂની મન વચન અને કાયાથી ભક્તિ કરવી.

૩૬ ગુરૂ શી વસ્તુ છે તેની સમજણ જ્ઞાનીઓને પડે છે આજ્ઞાનીઓ કે જે જગત્માં મારાપણાની બુદ્ધિથી સ્વાર્થી બની સ્વાર્થનોજ અભ્યાસ કરે છે તેઓને ગુરૂની ગુરૂતાનો ખ્યાલ આવી શકતો નથી.

૩૭ સર્વજીવો મ્હારા આત્માસમાન સુખદુઃખની લાગણીવાળા છે. મ્હારા પ્યારા એક સત્તામય જીવો ! તમે સુખી થાઓ. આત્મશક્તિનો પ્રકાશ કરી અનંત સુખ ભોગવો. આવી અંતઃકરણમાં સર્વ જીવો પ્રત્યે ભાવના રાખવી.

૩૮ જગત્માં પરસ્ત્રીગમન કરનાર તથા ગુરૂ નિન્દા કરનાર દુષ્ટ મનુષ્યો માટે નરક તૈયાર છે માટે ગુરૂ નિન્દા કરવી નહિ. તેમજ પરસ્ત્રી-ગમન કરવું નહિ,

૩૯ સારાં માણસ જોડેજ બેઠક રાખવી પોતાના લાયક ના હોય તેની સાથે બેઠક રાખવી નહિ.

૪૦ નરમાશને ધીમાશથી કાંઇ કામ થાય તેવું હોય તો ત્યાં ગુસ્સો બતાવવો નહિ. જો સખ્તાઇને ગુસ્સાથી થાય તેવાં હોય તો નરમાશને મિત્રભાવ દેખાડવાં નહિ.

૪૧ જે જે મનુષ્યોની સંગતિ કરવાથી પ્રતિદિન જ્ઞાનમાં વધારો થાય તે તે મનુષ્યોની સંગતિ કરવી.

૪૨ વાંચ્યું સાંભળ્યું, ધાર્યું તેટલાથીજ તત્ત્વ પામ્યા એમ સમજી સદ્ગુરુનું શરણુ અને સદ્ગુરૂની સંગતિ છોડવી નહિ અને સ્વેછાચારી થવું નહિ. મોક્ષમાર્ગની ખરી કુંચીઓ તો સદ્ગુરૂ પાસેજ રહે છે માટે સદ્ગુરૂનું શરણુ અને સદ્ગુરૂની સંગતિ કરવી.

૪૩ માથે એક સદ્ગુરૂની આજ્ઞાધારવી. જેમ જેમ યોગ્યતા પ્રાપ્ત થશે તેમ તેમ આપણુને અધ્યાત્મ માર્ગની કુંચીઓ અર્પણ કરશે. યોગ્યતાની ઘણી જરૂર છે. સદ્ગુરૂ દેખી બેઠાં હોઇએ તો ઉભા થઇ વંદન કરવું. ખાતાં પણુ જો ગુરૂમહારાજ પધારે તો ઉભા થઇ યથાશક્તિ વિનય સાચવવો, ગામમાં પધારે તો તેમને ત્રણુ પ્રદક્ષિણા દઇ વંદન કરવું જેમ જેમ યોગ્યતા વધારે પ્રાપ્ત થશે તેમ તેમ કુંચીઓ પણુ બતાવશે માટે યોગ્યતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો.

૪૪ જેમ બને તેમ સત્પુરૂષોનો સંગ કરવો. સત્પુરૂષોના સંગથી આત્માની ઉન્નતિના શિખરપર ચડી શકાય છે માટે સતપુરૂષોનો સંગ કરવો.

૪૫ યાદ રાખજો કે ક્ષુદ્રતા, લોભ, રતિ, દીનતા, મત્સરીપણું, શઠતા, અજ્ઞાનતા, એ દોષોના સંગથી જે ક્રિયા કરવામાં આવે છે તે ક્રિયાનો આરંભ નિષ્ફળ જાય છે એ દોષોથી આત્મગુણુની વૃદ્ધિ થતી નથી પણુ ઉપરના દોષોના પરિહારથી જે ક્રિયા કરવામાં આવે છે તે ક્રિયા સફળ થાય છે માટે ઉપરના દોષોનો પરિહાર કરવા પ્રયત્ન કરવો.

ઉપરનાં સારાંશ રૂપ કેટલાક આવસ્યક બોલો લખ્યા છે તે શ્રીમદ્ મુનિ મહારાજશ્રી બુદ્ધિસાગરજીકૃત રચિત "આત્મશક્તિ ગ્રંથ" અત્રે કેટલાક બંધુઓની રૂબરૂ વાંચવામાં આવ્યો હતો તેમાંથી કેટલાએક આવસ્યક બોલો જરૂર યાદ રાખવા લાયક તેમાંથી અત્ર લખ્યા છે. વળી આ સ્થળે મને લખવું અનુચિત નહીં ગણાય કે જેમને શ્રીમદ્ના પુસ્તકો વાંચ્યા હશે તેમને નવો અનુભવ થયાવિના રહ્યો નહિજ હોય. તેમના બનાવેલા ભજન સંગ્રહના પાંચ ભાગ તો એવા અદ્ભુત અને વૈરાગ્ય વાળા છે કે તે આ સંસારરૂપ સમુદ્ર તરવાને માટે વહાણુ સમાન છે. તેમની લેખન શક્તિ એવી

સમભાવવાળી છે કે હરકોઇ મનુષ્યને આનંદ થયાવિના રહે નહિ. મનુષ્યજન્મ પામી સાર્થક અને તેટલું કરવું તોજ મનુષ્યજન્મ પામ્યા તે લેખે છે નહિતો મનુષ્યજન્મ હારી જવા જેવું છે. છેવટે લેખની પુર્ણાહુતીમાં વાંચકોને શ્રીમદ્ મુનિમહારાજશ્રી બુદ્ધિસાગરજીકૃત ગ્રંથો વાંચવા ખાસ ભલામણ કરી વિરમું છું **ॐ श्रीगुरु**

---

# "दुधपाकमां कोलसो नाखवो ए शुं व्हेम छे ?"

( લેખક. શંકરલાલ ડાહ્યાભાઇ. કાપડીઆ. )

હાલના જમાનામાં કેટલાક કેળવણીની બાબતમાં અગ્રગણ્ય ગણાતા તેમજ સુધારાની ટોચે બેસનારાઓ પણ પરંપરાથી કેટલાક ચાલતા આવેલા આપણા વૃધ્ધોના રીત રિવાજો, પ્રથાઓને બુદ્ધિથી તેમજ દીર્ઘ દ્રષ્ટિથી વિચાર્યા વિના તેને નાબુદ કરવાના પ્રયાસ કરતા જોવામાં આવે છે તે જોઇ આપણને દીલગીરી સિવાય અન્ય કશું ઉત્પન્ન થશે નહિ.

અમુક વસ્તુ શાને લેઇને આમ કરવામાં આવે છે, તેથી શો ફાયદો છે, જમાનાને અનુસરીને તેની જરૂર છે કે નહિ, તે શાસ્ત્રીય જ્ઞાનના આધારે છે કે નહિ વિગેરે બાબતનો બુદ્ધિપૂર્વક અને અનુભવ કરી તે વસ્તુનું છેદન ભેદન કરવામાં આવતું હોય તો તે વાસ્તવીક કહી શકાય, નહીંતો વખતે ઉલટું લાભને બદલે હાંણુ થાય છે.

દુધપાક કરતી વખતે કોલસો નાંખવાથી શો ફાયદો છે, તેના શા ગર્ભિત ગુણ રહેલ છે તેના સમર્થ નેમાટે એક પશ્ચાત્ય વિદ્વાનના નીચેના લખાણથી વધુ જાણવાનું મળે છે. આથી આપણને એમ ખાતરી થાય છે કે એ આપણા વૃધ્ધોનો ખોરી ઘાલેલો વ્હેમ નથી પણ તે યુક્ત છે. શાસ્ત્રીય જ્ઞાનના આધારે તે સંપ્રદાય ( doctrine ) ને અસ્તિતા મળેલી છે.

" Putrid water is immediately deprived of its bad-smell by charcoal. When milk and such like fluids from intense heat or long keeping are likely to pass into a state of corruption, a simple and pure method of keeping them sound and healthful is by putting a few pieces of charcoal each about the size of a small lemon, into the pot wherein the fluid is to be boiled. "

**અર્થ:**—અઘડ પાણીમાં ( અસ્વચ્છ જળમાં ) કોલસાનો ટુકડો નાંખવાથી તેમાં રહેલી દુર્ગંધ ક્ષણવારમાં દુર થાય છે. જ્યારે દુધ અથવા એવાંજ પ્રવાહી દ્રવ્યો અતિશય તાપથી અથવા વધૂ વખત રહેવાથી બગડી જવાની અણીપર હોય ત્યારે તેમને સ્વચ્છ અને પથ્ય રાખવાને માટે ( બનાવવા માટે ) સહેલી અને સુનંદી રીત એવી છે કે સાધારણ લીંબુના પરિમાણના કોલસાના ટુકડા, તે પદાર્થવાળા વાસણમાં તે પ્રવાહી પદાર્થ ઉકાળતી વેળાએ નાંખવા.

આ ઉપરથી આપણને માલુમ પડશે કે આપણા વૃધ્ધોના સમયથી " નજર લાગે " એવા મીષથી ઘણા ખરા પ્રવાહી પદાર્થોમાં કોલસાના ટુકડા નાંખવામાં આવે છે, તેમાં શાસ્ત્રીય ( Scientific ) નિયમો સંબંધી આપણા વૃધ્ધોનું જ્ઞાનજ કારણભૂત છે. આપણા વૃધ્ધો શાસ્ત્રીય નીયમાનુસાર વર્તતા હતા. આપણે તેમનાં કેટલાંક કાર્યો જાણવાની જીજ્ઞાસા રાખી નહીં તેથી આપણું તે વિષે અજ્ઞાન વૃદ્ધિંગત થયું જેથી કરી આ કોલસાની બાબતમાં આપણે તે ઘરડાંનો એક જાતનો વ્હેમ ( Superstition ) છે એમ કહેવાને દોરાયા.

કોલસાથી પ્રવાહી પદાર્થ સ્વચ્છ તથા પથ્ય થાય છે. તેના પુરવારમાં હાલની જલગરણી ( Filter ફીલ્ટર ) નો પ્રત્યક્ષ દાખલો છે. જેમાં પાણી કોલસા ભરેલા વાસણમાંથી પણ પસાર કરવામાં આવે છે અને તેમ કરવાથી કોલસા પાણીની અંદરનું અપથ્ય તથા દુર્ગંધ ગ્રહણ કરી લેછે અને જળ સ્વચ્છ તથા શુદ્ધ બને છે.

આ ઉપરથી અમારા સર્વે વાંચક વૃંદને સમજાશે કે દુધપાક કરતી વખતે બે ચાર લીંબુ જેટલા કોલસાના કટકા નાંખવા એ કંઇ ઘરડાઓનો ઘોસી ઘાલેલો વ્હેમ નથી પણ તે શાસ્ત્રીય જ્ઞાનના આધારે છે અને તે ઉકળતા દુધને સ્વચ્છ અને પથ્ય બનાવવાને કારણભુત છે. ॐ **શ્રીગુરુ:**

---

બાળકને ધવરાવતી વખતે માતા જે સારા, ખોટા વિચાર કરે છે, તેના સંસ્કારો દુધમાં ઉતરે છે. અને તેથી ધાવનાર બાળક તે સંસ્કારો પ્રમાણે આગળ ઉપર સારૂં, ખોટું નિવડે છે. ધવરાવતી વખતે માતાએ બુમો બરાડા પાડવા નહિ તેમજ કાંઈ ખાવું નહિ.

---

# श्री जीवदया प्रकरण.

## ( લેખક-શંકરલાલ ડાહ્યાભાઇ. કાપડીયા. )

Merely is a double blessing—it blesses him that gives and him that receives it.

દયા કરવાથી ડબલ ફાયદો થાય છે એક તો જે દયા કરે છે તેને ફાયદો થાય છે તેમજ જેના ઉપર દયા થાય છે તેને પણ ફાયદો થાય છે. આવીરીતે ઉભય ફળપ્રદાતા દયા છે એવું જાણ્યા પછી એવો કયો બંધુ હશે કે તે તેનું આવાહન નહી કરે અને પ્રત્યેક પળે પોતાના ભિતરમાં તે સોનેરી અક્ષરે નહીં કોતરી રાખે.

" બોલતાનાં બોર વેચાય " એ કહેવત જગ જાણીતી છે. બોલનારને બોલીથી ફાયદો થાય છે એ સૌ કોઇ સમસ્ત દુનિયા જાણે છે પણ જે અવાચક છે, જેઓ મનુષ્યની તુલ્યેજ સુખ દુઃખને વેદી શકે છે તેવા અબોલાં પ્રાણીઓની વ્હાર કરવી એ શું દયાળુ તરીકે ગણતા બંધુઓની આઇન ફરજ નથી ? ઇન્દ્રિયાદિક સુખો ( Sensual desires )ની લાલસાએ નીરપરાધી, નિર્દોશી જીવોના થતા વધ અટકાવવા એ શું હિંદુ તરીકે કહેવડાવનાર શખ્સની ફરજ નથી ? આપણા જન સમાજની દ્રષ્ટિએ જોતાં મોંમાં તણખલું લેનાર શખ્સને તેના અપરાધની માફી બક્ષવામાં આવે છે, તેનો ગુન્હો માફ કરવામાં આવે છે તો પછી આતો બિચારાં નિરપરાધી પશુઓ કે જેઓ સ્વપ્ને પણ તમારા ઉપર અધિકારત્વપણું દાખવવા વિચારતાં પણ નથી તેમ છતાં-નિર્દોશી છે છતાં તેમના જે માંસાહારીઓ પોતાની જીવ્યા ઇન્દ્રિયની લાલસાની તૃપ્તિ અર્થે વધ કરે છે, તેમના મુખમાંથી શું પશુઓને બચાવવાં નથી જોઇતાં ? ખરેખર તેઓ પામર છે, તેમની રક્ષા કરવા યોગ્ય છે. તેમના પ્રાણોનું રક્ષણ કરવું એ દરેક બંધુઓની મોટામાં મોટી માતાને કુખ જન્મ લેઇને તેના ઉદ્ધાર માટે પણ તે કરવાની ફરજ છે. **જીવદયા સમાન આ દુનિયામાં મોટામાં મોટું કોઇપણ પુણ્ય નથી. અભયદાન સમાન આ દુનિયામાં મોટું બીજું એકે દાન નથી.** દાનવીર નરો, દયાળુ સજ્જનો ! માંસાહાર નિષેધક મંડળીઓ, સમાજો અને ફંડોને સત્વર મદદ કરો. એક પળ તેનામાટે આળસમાં નહીં કાઢો. પ્રતિપળે જો તમો સરેરાશ કાઢશો તો અનંત જીવોનો માંસાહારી પ્રજા નિમિત્તે ભોગ અપાય છે. માટે તમારી શકિત અનુસાર તેમની વકીલાત કરવાને-તેમના પ્રાણોનું રક્ષણ કરવાને કમર કસો.

દુનિયામાં જો કોઇપણ ધર્મ દરેક વ્યક્તિને, સમાજને ઉન્નતિક્રમના શિખરે મુકનાર હોય તો તે દયાજ છે, કવી **તુલસી** દાસ કહે છે કે—

દયા ધર્મકો મૂલ હે, પાપમૂલ અભિમાન.

તુલસી દયા ન છોડીએ, જબલગ ઘટમાં પ્રાણ.

માટે સર્વે ધર્મનું મૂળ દયા છે. પાપનું મૂળ અભિમાન છે. તુલસી દાસ કહે છે કે જ્યાં સુધી ઘટમાં (હૃદયમાં) પ્રાણ છે ત્યાં સુધી દરેક પ્રાણીઓએ દયા છોડવી નહિં. બંધુઓ ! જોકે તમને પામર જીવોની વકીલાતમાં જેવી આપણા વકીલોને નાણાના રૂપમાં રોકડી વકીલાતના કામ માટે ફી મળે છે તેવી તો કદાચ નહીં મળે પણ ખાતરી રાખજો કે તેનાથી સોગણી ફીનું તમને પામર જીવોની વકીલાત કરતાં અદ્રશ્ય રીતે ફળ મળશે, **સદ્ ભાવનાએ સદ્ ફળ અને અસદ્ ભાવનાએ અસદ્ ફળ** એ કુદરતી નિયમ હૃદયમાં કોતરી રાખવો. સત્ કાર્યની વાસના સદ્ રૂપેજ રહેશે. મોગરામાંથી મોગરાની સુગંધ, કસ્તુરીમાંથી કસ્તુરીની સુગંધ જરૂર આવશે. માટે કરેલા જીવદયાના સુભ વિચારો અને કાર્યોનાં ફળ પણ તમને શુભજ થશે. આપણને જ્યારે વાચા આપણા પૂર્વ જન્મ કૃત્યને લેઇને મળી છે ત્યારે આપણે તેનો અવસ્ય ઉપયોગ કરવો જોઇએ. બંધુઓ ! જો આપણે સ્હેજ વિચાર કરીશું તો આપણને જણાશે કે પશુઓ એ આપણને કેટલી રીતે અગત્યનાં સાધન થઇ શકે છે ! આપણા જીવનનો મુખ્ય આધાર ખેતી ઉપર છે અને તે ખેતીના ઉપયોગમાં આપણને ઘણાં લાગે છે. દુધનો પૌષ્ટીક ખોરાક પણ આપણને તે દ્વારા પુરો પડે છે, આવી રીતે તેઓ બિચારાં મૂગે મ્હોડે દુઃખ સહન કરીને પણ આપણાં જીવનવ્યવહારના ક્રમમાં અગત્યનો ભાગ ભજવે છે. તેમને આપણા જેવીજ સુખ દુઃખની લાગણી છે. શાસ્ત્રમાં કહેલું છે કે—**आत्मवत् सर्वभूतेषुयः पश्यति सः पश्यति** પોતાના આત્માના સમાન જે સર્વેને જુએ છે તેજ દેખતો છે. માટે કરી તેઓને પણ આપણી સમાન આપણે ધારવાનાં છે.

કર્માનુસાર સર્વે જીવોની ગતિ થાય છે તે કંઇ છાની વાત નથી. મોટા મોટા ચક્રવર્તિ રાજા રાણાઓ વિગેરે કોઇને પણ કર્મઅનુસાર ફળ ભોગવ્યા વિના છુટકો થતો નથી. રાજાના પાસમાંથી કોઇ દિવસ કોઇ પણ ઉપાયે ગુન્હેગાર છટકીજવા ધારશે તો છટકી શકશે પણ તે કંઇ કર્મના પાસમાંથી તો કદિ મુક્ત થવાનો નથી. માટે જે પોતાના હીન કર્મને લેઇને જેઓએ પશુની જાતિમાં જન્મ લીધો છે એવાં અવાચક પ્રાણીઓની મદદ કરવી એના જેવું બીજું એક પુણ્યનું કામ નથી. હાલમાં આપણે જોઇશું તો યુરોપ દેશમાં પણ કેટલેક સ્થળે વેજીટેરીઅન (વનસ્પતિનો આહાર

કરનાર ) સોસાઇટીઓ સ્થપાઇ છે. વળી જેઓ જાતે માંસાહારનું ભક્ષણ કરતા હતા તેઓજ વેજીટેરીઅનના હીમાયતી થયા છે તે જોઇ કયા હિંદુભાઇને આનંદ ઉત્પન્ન નહી થાય. આના દાખલામાં **લંડનમાં મોટા વહાણો બાંધવાની જગાના ઉપરી મી. થોમસે માંસાભક્ષ વિષે એક જાહેર ભાષણ** આપ્યું હતું જે આ સ્થળે હું ટાંકુ છું તે વાંચવાથી વાચક વૃંદને જણાશે કે યુરોપીઅન લોકો પણ કેવા દયા પાલક થયા છે. આ ભાષણ સાંભળવામાં ઘણો ખરો ભાગ મજુરોનો તથા કારીગરોનો હતો. કહે છે કે ત્રીસ વરસ સુધી હું માંસ મિશ્રિત ખોરાક ઉપર રહ્યો અને ત્યાં સુધી એમ પણ માનતો કે માંસ ખાવું એ યોગ્યજ છે. કેમકે ખરેખર મને એમજ શીખવવામાં આવ્યું હતું કે શારિરિક તન્દુરસ્તી વાસ્તે માંસ ખાવુંજ જોઇએ. જો કે મારૂ શરિર સારૂં છે તોપણ તમારે એમ ધારવું નહિ કે એ માંસ ખાધાથી થયું છે કારણ કે માંસમિશ્રિત ખોરાક તો મેં ઘણોજ થોડો લીધો છે. પણ મેં ઘણો ખોરાક તો ચણા બાજરી દુધ વિગેરેનો લીધો છે તેથી કરીને એમ તો નજ કહેવાય કે મારા શરીરનો બાંધો માંસ ઉપરજ છે પણ હવે મને યોગ્ય લાગવાથી વેજીટેરીયન થયો છું. હું વેજીટેરીઅન થવાના કારણભુત તો મારી સ્ત્રી છે. મારી સ્ત્રિને ઘણો ભયંકર રોગ લાગુ પડ્યો હતો અને ઘણા ડૉકટરોની સલાહ લેતાં તે મટે એમ લાગ્યું નહિ. પછી તે વેજીટેરીઅન થઇ જેનું પારણામ એ છે કે તે અત્યારે તંદુરસ્તી ભોગવે છે. જો તે વેજીટેરીઅન થઇ ન હોત તો તે અત્યારે ભાગ્યેજ જીવતી હોત. હવે મેં તેના શરીરમાં સુધારો જોયો અને તેથી કરીને મેં આ પ્રમાણે વીચાર કીધો કે જ્યારે તદ્દન નાબુદ થઇ ગયેલા બાંધા ઉપર વેજીટેરીઅનીઝમે જ્યારે આવી સરસ અસર કીધી તો હું કે જેનું શરીર તંદુરસ્ત છે તેના ઉપર તો વળી કેવી સરસ અસર કરશે ? તેથી કરીને એક વખત વેજીટેરીઅન થવું એમ વિચારીને નવા ખોરાક ઉપર મારૂં ગુજરાન હું ચલાવવા લાગ્યો અને અલબત મેં ઉપર જેમ કહ્યું તેમજ મને થયું. ઘણા લોકો મને વેજીટેરીઅન થવામાં સામેલ છે પણ ખુશી થવાનું એ છે કે જેઓ પ્રથમ મારી પેઠે વર્તતા તેઓજ હાલ વેજીટેરીઅન થયા છે. સામાન્ય ખોરાક કરતાં વેજીટેરીઅન ખોરાક વધારે પૌષ્ટિક છે એમ ઘણા લોકો પણ કહે છે. હું મારા ભાઇ તથા બેનો કરતાં વધારે મજબુત છું. શરીરના તંદુરસ્ત બાંધાનો આધાર અનાજ ઉપર છે એ પ્રમાણે શારીરિક શાસ્ત્ર પણ કહે છે. કારીગરો પ્રથમ તો આ માનતા ન હતા પણ ધીમે ધીમે તેઓ અમારા મતમાં આવવા લાગ્યા. લોઢાના કારખાનામાં પડલીંગ કામ કેવું સખત છે તે તમો જાણતા હશો. લંડનમાં પડલીંગ

કામ કરનારા વેજીટેરીઅન લોકો છે. વળી સીંગલર્સ, મોલ્ડર્સ, ઘડનાર, લુહાર એન્જીનીઅર્સ વિગેરે સારી રીતે રહેનાર અને તેઓનું કામ પણ સારી રીતે કરનાર વેજીટેરીઅન ખોરાક ઉપર રહે છે. આ ઉપરથી સાબીત થાય છે કે મજુરીનું કામ પણ સારી રીતે વેજીટેરીઅનો કરી શકે છે.

અમુક માણસ સખત કામ કર્યાં પછી થાકી જાય છે અને પછી પોતાના શરીરમાં શક્તિ લાવવાને ખોરાકની જરૂર પડે છે. તે ખોરાક એવો હોવો જોઇએ કે જેથી અપચો ન થાય, કેમકે અપચાથી તબિયત બગડે છે, અને મજુર વર્ગ કે જેઓ માંસમિશ્રિત ખોરાક ઉપર રહે છે તેમની તબીયત ઘણી વખત બગડે છે.

આપણામાંના કેટલાક એમ માને છે કે માંસથી તેઓમાં શક્તિ આવે છે અને તેથી કરીને તેઓને અપચો થવાથી સખત ચુંક કે આંકડી આવે છે. જ્યારે હું માંસનો ખોરાક લેતો ત્યારે મને ઘણી વાર અપચો થઇ આવતો પણ તેર વરસ થયાં જ્યારથી હું વેજીટેરીયન છું ત્યારથી તે અત્યાર સુધી મને બીલકુલ અપચો થયો નથી. મારૂં બળ પણ પ્રથમના જેવુંજ છે ને પ્રથમના કરતાં હાલ હું ઘણી સરસ રીતે કામ કરી શકું છું. મારે એક છોકરો છે તે પણ લોઢાનાં કારખાનામાં સખત કામ કરે છે. તેને પણ વેજીટેરીઅન ખોરાક આપવામાં આવે છે, જેનું પરિણામ સાથી સરસ છે ને દસ મહીનાથી રોટલી સિવાય બીજો પકવ ખોરાક લેતોજ નથી. હું તમને આની માફક વર્તવા આગ્રહ કરતો નથી પણ ચણા વિગેરેનો ખોરાક તથા ભાજી વિગેરે શાક તરીકે વાપરવો ને જેમ જેમ તમોને વેજીટેરીઅન પ્રેક્ટીસ પડતી જશે તેમ તેમ તમો સાદો ખોરાક વધારેજ ચાહશો. વેજીટેરીઅનીઝમમાં મુખ્ય વસ્તુ સારી રોટલી રાખવાનો છે. તમારા રસોઇઆ માંસ રહિત રોટલી બનાવે એ પ્રકારે કહો, હું પણ કહેવાને ખુશી ધરાવું છું કે હવેના રસોઇઆ ભુરી રોટલી બનાવવાની ટેવ પાડે છે કેમકે આ મેળવવામાં તેમને ઘણી ઓછી અડચણ પડે છે. તમે બધા કાળી રોટલીનાતો ફાયદા જાણતાજ હશો. ધોળી રોટલીમાં કેટલી એબ આવે છે. તેમજ ફોસ્ફેટસની ખામી હોય છે એથી કરીને બાળકમાં રીકેટ જાતનો રોગ પેદા થાય છે તથા મોટા માણસના દાંત પણ ખવાઈ જાય છે તે પણ તમો જાણતાજ હશો. અત્યાર સુધી મેં વેજીટેરીઅન થવાથી થતા ફાયદા બતલાવ્યા ને હવે તે ફેરફાર કરવામાં પણ મને થોડી મુશ્કેલીઓ નડી હતી એમ પણ ધારતા નહિ. મારા વિચાર પ્રમાણે તો મને દારૂના અર્ક છોડવા કરતાં માંસ છોડવું ઘણુંજ કઠીણ લાગ્યું. ગમે તેટલું તે કઠીન હોય તોપણ ફેરવ્યા વગર રહેવુંજ નહિ.

વસ્તુને ન્યાયની રીતે જોતાં હું આવ્યો તેજ નિર્ણયપર તમો આવશો. મારો અનુભવ તો એ છે કે દરેક માણસ માંસના ખોરાક કરતાં વેજીટેરીઅન ખોરાકથી પોતાની ફરજો સારી રીતે બજાવી શકે છે. માંસ ખાવામાં આપણે આપણો ખોરાક બીજાના હાથથી મેળવીએ છીએ ને તે પણ વળી બગડેલી સ્થીતિમાંજ. જે માંસ લંડનના બજારમાં આવે છે તેમાં લગભગ ૭૫ અગર ૮૦ ટકા તો બગડેલુંજ હોય છે ને હું એમ પણ નથી ધારતો કે ૨૫ કે ૩૦ ટકા સારૂ માંસ માન્ચેસ્ટરના લોકો મેળવતા હોય. આપણે જાણીએ છીએ કે હમેશાં રોગીષ્ટ ઢોરોના માંસનું વેચાણ પણ અટકાવ પામતું નથી. હવે આપણે કર કસર તરફ નજર કરીશું. માંસને તમે સારૂ ધારતા હો તોપણ એક રતલની આઠ, દશ કે ૧૨ પેની આપવી પડે છે ને તેમાં હમેશાં લગભગ ૭૦ ટકા જેટલું તો પાણી રહેલું હોય છે એટલે કે માત્ર ચોથો ભાગજ માંસનો હોય છે અને આનાથી આપણા શરીરનું બંધારણ થાય છે. હવે અનાજનો ખોરાક તો લંડનમાં તેમજ માંન્ચેસ્ટરમાં ૨ પેનીએ રતલ મેળવી શકેછે. સારાં સારાં ફળો કદાપી સોંઘાં મોંઘા મળે પણ ચણા, ઘઉં, ચોખા વિગેરે તો સરેરાસ તેટલા ભાવે મળી શકે અને આ ખોરાક જ્યારે રાંધવા અગર રોટલી કરવામાં આવે તો કદમાં ઘટવાને બદલે માંસની માફક વધે છે ને વળી વેજીટેરીઅન ખોરાક પણ વધારે સારી તન્દુરસ્તી રાખે છે અને ૯, ૧૦ કે ૧૨ પેનીમાં એક પાઉંડ માંસને બદલે આપણે ચારશેર ખોરાક મેળવીએ છીએ, જે જોઇને એક હાસ્યજનક દેખાવ થાય છે. માંસવાળા ખોરાક કરતાં વેજીટેરીઅન ખોરાક વધારે શક્તિ આપે છે. વળી થોડા થાક સાથે માંસ ખાનાર જેટલુંજ કામ તે કરી શકે છે. માંસ પાચન ન થવાથી કોઇ વખત હ્રદયને પણ ઇજા કરે છે, અને તેથી કરી વેજીટેરીઅન ખોરાકથી જેટલો મજબુત થાય તેટલો મજબુત થઇ શકતો નથી.

જો મારા છોકરાએ માંસ ખાવું મુકી દીધું ન હોત તો તે પોતાનું કામ ચલાવવાને શક્તીવાન થયો ન હોત. મગફળી તથા વટાણા ઘણું બળ આપનારો ખોરાક છે, તેમાં વળી જેને હાથમહેનત કરવાની છે તેનેતો ઘણોજ ફાયદો કરનારો છે પણ જેઓને ઘરમાં કામ કરવાનું છે તેઓને તો આ વસ્તુઓનો ઘણો ઉપયોગ કરવો તે અપચો કરનારૂં છે કેમકે તેમાં નાઇટ્રોજન વાળો પદાર્થ ઘણો રહેલો છે. કેટલાક લોકો આને લઇને વિચાર વગર દાળના ખોરાકને એકદમ ધીક્કારેજ છે પણ માણસો કે જેઓ કસરત કરે છે તેમજ જેઓને બહાર સખત કામ કરવાનું હોય તેમને તો આ ખોરાક

ખાસ જરૂરનો છે, કેમકે તેઓ જે પ્રથમ માંસ ખાતા તેની ગરજ આ ખોરાક સારે છે; વળી તેમને માફક આવે છે ને સોંઘો પણ પડે છે. જો મજુર વર્ગ આ પ્રમાણે વર્તે તો તેમને [1]પોકેટમનીમાં ઘણોજ બચાવ થાય. અમારામાં એક માણસ હતો, કે જેને ક્ષય થવાની શરૂઆત હતી. પણ આશ્ચર્યજનક એ છે કે વેજીટેરીઅન થયો તેથી કરીને તેને ક્ષય થવાની જે અસર જણાતી હતી, તે તદ્દન નાબુદ થઈ ગઇ. આપણને આ પ્રત્યક્ષ પુરાવો વેજીટેરીઅન થવાથી છે તો હું ખાતરીપૂર્વક કહું છું કે ઘણા માણસો આ પ્રમાણે સુધરતાજ હશે, કે જેઓને આપણે ઓળખતા પણ નથી. એટલું તો યાદ રાખજો કે અમારો ખોરાક માત્ર માંદા માણસોને સાજા કરવાનો છે એટલુંજ નહિ પણ મજબુત માણસને પણ ખાસ જરૂરનો ખોરાક છે. તર્બીયત તદ્દન બગડે ત્યાં સુધી બેશી ન રહેતાં તેનો અજમાયશ શુદ્ધ રીતે કરી જુઓ અને પછી તમને માલુમ પડશે કે દરેક બાબતમાં સૌથી સરસ અને તંદુરસ્તી આપે એવી રીતનો છે. મારી કહેવાની ધારણા એ છે કે શરીરનું મજબુત બંધારણ તો ખાસ કરીને ફળ અનાજ વિગેરે ઉપર છે અને આ વસ્તુઓ મજુર વર્ગને માંસ કરતાં વધારે જોર આપી શકે છે ( તાળીઓ )

મને યાદ છે કે લંડનમાં ટાઉનહોલમાં એક અઠવાડિયું સભા ભરી હતી જેમાં ત્રણ દિવસમાં મિતાહારનો વિષય અને પછી ત્રણ વેજીટેરીઅનીઝમોનો વિષય ચર્ચવાનો હતો. મિતાહારના વિષયમાં તો દારૂ છોડવાનું કહેવાનું ઠીક લાગ્યું પણ જ્યારે તેમને વેજીટેરીઅનીઝમોનો વિષય ચર્ચાતાં—માંસ છોડવાનું કહ્યું, જે ગણા લોકોએ ન માન્યું ને અમારી સાથે ટગ—ઓફ[2]–વોરમાં છેલ્લીસાંજે ઉતરી પડયા તેમાં પણ તેઓ હાર્યા ને અમારામાં આથી વેજીટેરીઅનીઝમ વિષે ઘણોજ ફાયદો કીધો. પછીના બે વર્ષમાં દાખલા સાથે લંડનમાં ભાષણો આપ્યાં. ક્રાઇસ્ટલ પેલેઇસમાં એક મીટીંગ ભરાઈ અને તેમાં ચેરમેને અમને માંસ ખાનાર સાથે ટગ—ઓફ—વોરમાં ઉતાર્યા જેમાં માંસ ખાનારાઓ બે વખત હાર્યા. આ માંસ ખાનારાઓમાં એક વહાણવટી તથા એક લઢવઈઓ હતો પછી એક ડોશી મીટીંગમાંથી : બહાર આવીને પૂછવા લાગી કે કયાં છે પેલા માંસા ભક્ષી લોકો ? હું તેમને જોવા માગું છું. આ સાંભળીને તેને જવાબ આપ્યો આ તમારી આગળ ઉભા છીએ. પછી તેણીએ પુછયું કે માંસ તમો નથી ખાતા ? ત્યારે તેને જવાબ આપ્યો કે માંસ તો શું પણ તમાકુ સરખી પણ નથી પિતા. અસ્તુ.

---

[1] ખીસ્સા ખર્ચી. [2] ખેંચા ખેંચીની ઝપાઝપી.

# સુરત ઘોડાદોડ પાંજરાપોળની મુલાકાત.

( લેખક. મુનિ બુદ્ધિસાગર. સુરત. )

સં. ૧૯૬૮ માહવદી ૪ ચોથના રોજ ઝવેરી. સૌભાગ્યચંદ નગીનચંદની સાથે સુરત પાંજરાપોળની મુલાકાત લેવા ગમન કર્યું. પાંજરાપોળની જગ્યા દેખવામાં આવી. તે વખતે શેઠ ભગુભાઇ તથા ઝવેરી ભુરીયાભાઇ તથા ઉત્તમચંદ તથા હીરાચંદ તથા નેમચંદ વગેરે હાજર હતા. પાંજરાપોળને બંધાવ્યાં લગભગ દોઢસો વર્ષ થયાં છે. એક ચાલીમાં બળદ અને ભેંસો તથા વાછરડાં ભેગાં હતાં. એક ચાલીમાં ઘોડાઓ બાંધ્યા હતા. આ ચાલીને ઝવેરી. નગીનદાસ ઝવેરચંદે મોતિના સેંકડે ા ટકાના ધનવ્યયથી બંધાવી છે. ચાલીમાં ઘોડાઓને રહેવાની હવા વગેરેની બહુ સારી વ્યવસ્થા છે. શેઠ. નગીનચંદે ઘોડાવાળી ચાલીમાં રૂ. ૨૦૦૦૦ ) વીશ હજાર ખર્ચીને પોતાનું નામ અમર કર્યું છે. તેમજ ઉપરોક્ત સેંકડે ૦। ટકામાંથી તેમણે ખોડાં ઢોરને માટે ગામ દારોલીની એક હજાર વીંઘાંની જમીન લીધી છે. તેમજ તેમને ઉપરોક્ત પાટકામાંથી ધારણ પારડીની ખોડાંઢોર ચરવાની જગ્યા લઇ તેમાં પચીશ હજારની મદત કરી છે. શેઠ નગીનદાસ કપુરચંદે ૭ હજાર રૂપીયાનું એક મોટું ખેતર લઇ પશુઓની દયા કરી પુણ્ય પ્રાપ્ત કર્યું છે. ઝવેરી જીવણચંદ લલ્લુભાઇ તથા ઝવેરી નગીનદાસ મંછુ તથા અભયચંદ મૂલચંદ વગેરે ઝવેરીઓ નવા માલે (મોતિના) સેંકડે ા ટકામાંથી આ પાંજરાપોળને સારી મદત કરે છે. પાંજરાપોળમાં ત્રણ હવાડા છે. કબુતરખાનું પણ સારી સ્થિતિમાં છે. ઢોરોને ઘાસ નાખવાની વ્યવસ્થા માટે જુદી જગ્યાની વ્યવસ્થા કરવામાં આવી છે. જે ઢોર માંદા થાય છે તેઓની માવજત કરવાને માટે એક જુદી ચાલી રાખી છે તેમાં ૫૦ પચ્ચાશ ઢોરો લગભગ હતાં તેઓને રાબડી વગેરે પાવામાં આવે છે અને તેઓના ઉપર લુગડાં ઓઢાડવામાં આવે છે. ઉત્તમ ઘાસ ખવરાવવામાં આવે છે. વગડાની હવા અને પાણીની વ્યવસ્થા સારી રીતે હોવાથી ઢોરોનો બચાવ થાય છે. પાંચ હજાર વિઘાં જમીન આ પાંજરાપોળ ખાતે છે. પાંજરાપોળનું વાર્ષિક ખર્ચ આશરે પચ્ચાશ હજાર રૂપૈયા છે અને આવક પણ આશરે પચ્ચાસ હજાર રૂપૈયા છે. સં. ૧૮૦૦ની સાલ લગભગમાં ગોરજી વલ્લભવિજયજીએ પચ્ચીસેં રૂપૈયામાં આ જગ્યાએ અપાવેલી હતી. પાંજરાપોળના ઢોરોને અમો ગયા ત્યારે

લાપસી ખવરાવવામાં અપાવેલી હતી. સાણંદ, પાટણ, વીરમગામ, માંડલ વગેરે ની પાંજરાપોળ તરફથી અત્રે ઢોરો આવેલાં છે. ઢોરોની સંભાળ એક દાક્તર રાખે છે. ઢોરોને ત્રણ પાંજરાપોળોમાં વહેંચી નાખવામાં આવે છે પશુઓની ચાલીઓમાં રાત્રે દીવા કરવામાં આવે છે. સુરતની પાંજરાપોળનાં મરેલાં ઢોરોને ચામડાં કઢાવ્યા વિના દટાવવામાં આવે છે. શેઠ ભગુભાઈ દ્વારકાંદાસ શેઠ. સાંકળચંદ સુરચંદ એ બે વહીવટ કરનાર છે તેમ તે બે વહીવટદારો તથા શેઠ. લલ્લુભાઇ ધર્મચંદ. સૌભાગ્યચંદ નગીનચંદ ઝવેરચંદ તથા કસ્તુરચંદ કલ્યાણચંદ તથા શા. ફકીરભાઇ નગીનદાસ તથા ઘેલાભાઇ ગુલાબચંદ એ સાત ટ્રસ્ટી છે. શેઠ છોટુભાઇ લખમીચંદ તથા શેઠ સાંભાગ્ય ચંદ નગીનદાસ આ પાંજરાપોળના ઢોરોની ઘણી રક્ષા કરે છે. ઝવેરી હીરાચંદ મોતિચંદ રાવબહાદૂરે પાંજરાપોળમાં પાણીનો નળ લાવીને ઢોરોને બહુ સુખ કર્યું છે. એકંદર સુરતના ઝવેરીઓની મોટા ભાગે મદદથી ચાલતી એવી આ પાંજરાપોળની વ્યવસ્થા સારી છે.

## गरीब मनुष्योनुं भोजन खातुं.

શેઠ દેવચંદ લાલચંદની ધર્મશાલામાં ગરીબ મનુષ્યોને ભોજન કરાવવાનું ખાતું ખોલવામાં આવ્યું છે, તેના વહીવટદાર શા. સાંકલચંદ સુરચંદ, સૌભાગ્યચંદ નગીનદાસ તથા ખુશાલચંદ પાનાચંદ છે. અમોએ ત્યાં જઇને ગરીબોને ભોજન કરતાં જોયા હતા. ઘણા કાઠીઆવાડમાંથી આવેલા ગરીબ લોકો માલુમ પડે છે. દરરોજ પંદરસેરના આશરે ગરીબ મનુષ્યોને ખીચડીનું ભોજન એક વખત કરાવવામાં આવે છે. સુરતના જૈનોએ ગરીબોને સારી સહાય આપી છે, એક જૈન નિરાશ્રિત ફંડ પૂર્વે થયું હતું તેના આગેવાનોએ ગરીબ જૈનોને મદત કરવી જોઇએ, તેમજ શા. સૌભાગ્યચંદ નગીનચંદનો એવો વિચાર છે કે ગરીબ જનોને મદત માટે એક મોટું ફંડ કરવું. ખરેખર મહેનત કરવામાં આવે તો તે બની શકશે. શ્રી રત્નસાગરજી પાઠશાળાની તપાસ કરી. ધાર્મિક શિક્ષણ આપવાની પદ્ધતિમાં કંઇક સુધારો કરવાની જરૂર છે

ॐ शान्ति. १

## બોર્ડીંગ પ્રકરણ.

### આ માસમાં આવેલી મદદ.

૨૫-૦-૦ શા. ભોજમલાલ સવચંદની વતી શા. મણીલાલ મોતીલાલ. અમદાવાદ.
૫-૦-૦ માસ્તર. મનશુખરામ અનોપચંદ. „
૧૫૬-૦-૦ શ્રી મુંબાઈમાં વસતા સદ્દગૃહસ્થોએ દર માસે નીચે મુજબ રકમ આપવા કહેલી તે પૈકી છઠ્ઠા માસના. હ. ઝવેરી સારાભાઈ ભોગીલાલની વતી ઝવેરી ચીમનલાલ સારાભાઈ. મુંબાઇ

૧૦-૦-૦ ઝવેરી લાલભાઇ મગનલાલ.
૧૦-૦-૦ ઝવેરી. મોહનલાલ હેમચંદ.
૧૦-૦-૦ ઝવેરી. મણીલાલ સવચંદ.
૫-૦-૦ ઝવેરી. મોહનલાલ ગોકલદાસ.
૧૦-૦-૦ ઝવેરી. અમૃતલાલ મોહોલ્લાલભાઇ.
૭-૦-૦ ઝવેરી. મોહનલાલ લલ્લુભાઈ તથા બીજા દલાલોના.
૧૦-૦-૦ ઝવેરી. ભોળાભાઇ બાપાલાલ.
૭-૦-૦ ઝવેરી. અમૃતલાલ કાલીદાસ.
૧૦-૦-૦ ઝવેરી. ભોગીલાલ મોહોલ્લાલભાઇ.
૧૧-૦-૦ ઝવેરી. ચંદુલાલ છોટાલાલ.
૧૦-૦-૦ ઝવેરી. માણેકચંદ કપુરચંદ.
૧૦-૦-૦ શેઠ. મગનલાલ કંકુચંદ.
૧૦-૦-૦ ઝવેરી. લાલભાઇ માણેકચંદ.
૧૦-૦-૦ ઝવેરી. લાલભાઈ સારાભાઇ.
૧૧-૦-૦ ઝવેરી. સારાભાઇ ભોગીલાલ.
૧૦-૦-૦ ઝવેરી. ઉદેચંદ ભાયચંદ.
૫-૦-૦ ઝવેરી. જગાભાઇ ભોળાભાઇની કું૦

---

૧૫૬-૦-૦

---

૧૮૬-૦-૦

## જમણ.

તા. ૩-૨-૧૯૧૨ ના રોજ ફીફાભટની પોળવાળા શા. રવચંદ ધરમચંદ તરફથી બ્હેન ચંપાના લગ્નના શુભ પ્રસંગે વિદ્યાર્થીઓને જમણ આપવામાં આવ્યું હતું.

તા. ૨૬-૧-૧૯૧૨ ના રોજ ગુસાપારેખની પોલવાળા શા. ચુનીલાલ મગનલાલ તરફથી તેમના ચિ. ભાઇ પ્રેમચંદના ગોત્રજના માંગલિક પ્રસંગે વિદ્યાર્થીઓને જમણ આપવામાં આવ્યું હતું.

તા. ૫-૨-૧૯૧૨ ના રોજ પંચભાઇની પોળવાળા શા. ન્હાનચંદ રાયચંદ તરફથી વિદ્યાર્થીઓને જમણ આપવામાં આવ્યું હતું.

---

## લવાજમની પહોંચ

| | | |
|---|---|---|
| નગીનદાસ તારાચંદ. | વૈદ્યરાજ નગીનદાસ. | જેઠુભાઈ ગુમચંદ. |
| ભોયણી. જૈનલાયબ્રેરી. | ભુદાભાઇ સુંદરજી. | ન્યાલચંદ લખમીચંદ. |
| પ્રેમચંદ વક્તાજી. | મણીલાલ મગનલાલ. | મનશુખરામ ગુલાબચંદ. |
| સકરચંદ હિરાચંદ. | અમૃતલાલ કાલીદાસ. | મગનલાલ લખમીચંદ. |
| કેવળદાસ પુરસોત્તમ. | વાડીલાલ ચકુભાઇ. | ચુનીલાલ પ્રેમચંદ. |
| ડાહ્યાભાઇ સાંકલચંદ. | શેઠ. ચીમનભાઇ લાલભાઇ. | શેઠ. વિમળભાઇ મયાભાઇ. |
| શેઠ. મણીભાઇ પ્રેમાભાઇ. | મોહનલાલ ગીરધર. | અનોપચંદ સાંકલચંદ. |
| મનશુખરામ જેશીંગભાઇ. | રા. રા. ઝવેરભાઇ. | વિરચંદ બહેચરદાસ. |
| જીવરાજ લલ્લુભાઇ. | વિરચંદ લલ્લુભાઇ. | ભુદરભાઇ તલકચંદ. |
| કેશવલાલ ત્રીકમદાસ. | મણીલાલ મનસુખરામ. | છોટાલાલ હરગોવિંદ. |
| સખારામ દુલભદાસ. | કાલીદાસ મુલચંદ. | હીમચંદ ભગવાનદાસ. |
| સુરચંદભાઇ પુરસોત્તમ. | શેઠ. નેમચંદ ખીમચંદ. | કેશવલાલ ઉમેદભાઇ. |
| મનશુખભાઇ મુલચંદ. | વાડીલાલ દીપચંદ. | પુંજાભાઇ નાનચંદ. |
| મહોકમલાલ વખતચંદ. | નાથાભાઇ જેચંદભાઇ. | કેશવલાલ હેમચંદ. |
| મણીલાલ મગનલાલ. | પ્રેમચંદ જેચંદભાઇ. | હીરાચંદ દીપચંદ. |
| વાડીલાલ છોટાલાલ. | છોટાલાલ ગહેલાભાઇ. | મથુરદાસ છગનલાલ. |
| રામશુખ માંગીલાલ. | અમુલખચંદ બહેચરદાસ. | મગનલાલ બાલજી. |
| ડાહ્યાભાઇ ભગુભાઇ. | વાડીલાલ ઉજમલાલ. | મોહનલાલ ચુનીલાલ. |
| મોહનલાલ આશારામ. | ચીમનલાલ બકોરદાસ. | બહેચરદાસ વનમાળીદાસ. |

( બાકીનાં આવતા અંકમાં. )